RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 60* Date: 26.12.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કચ્છના ગુરુદ્વારા લખપત સાહિબમાં મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કર્યુ

## ગુરુદ્વારા લખપત સાહિબ સમયની દરેક ગતિનું સાક્ષી રહ્યું છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા.૨૫

કચ્છના ગુરુદ્વારા લખપત સાહિબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કર્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ પણ આ કાર્યક્રમમમાં હાજરી આપી હતી. ગુરુનાનકજીની યાદમાં દર વર્ષે આ ગુરુપર્વ મનાવાય છે. જે ૨૩ સપ્ટેમ્બરથી ૨૫ ડિસેમ્બર સુધી ઉજવાય છે. ગુરુ નાનક દેવજી ભારત યાત્રા દરમિયાન લખપતમાં રોકાયા હતા. અહીં ગુરુદ્વારા લખપત સાહેબ ખાતે તેમની ઘણી યાદગાર વસ્તુઓ સાચવીને રખાઈ છે. ગુરુનાનકજીની લાકડાની ચાખડી, પાલકી સચવાઈ છે. ગુરુનાનક દેવજીના હાથથી ગુરુમુખીમાં લખેલ વિચાર સામેલ છે. ૨૦૦૧ના ભૂકંપ દરમિયાન લખપત ગુરુદ્વારામાં ઘણુ નુકસાન થયુ હતું. તત્કાલીન ઝસ નરેન્દ્ર મોદીએ ગુરુદ્વારનું સમારકામ કરાવ્યું હતું. પ્રધાનમંત્રી મોદીનું આ પગલું શીખ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા બતાવે છે. તેમણે સંબોધનમાં કહ્યુ કે, ગુરુદ્વારા લખપત સાહિબ સમયની દરેક ગતિનું સાક્ષી રહ્યું છે. આજે હું જયારે આ પવિત્ર સ્થાન સાથે જોડાયેલો છું, તો મને યાદ આવે છે કે, ભૂતકાળમાં લખપત સાહિબે કેવા ઝંઝાવાતી દિવસો જોયા છે. એક સમયે આ સ્થળ બીજા દેશોમાં જવા માટે, વેપાર માટેનું પ્રમુખ કેન્દ્ર હતું. પ્રાચીન લેખન શૈલીથી અહીંની દિવાલો પર ગુરુવાણી અંકિત કરાઈ છે. આ પ્રોજેક્ટને યુનેસ્કોએ પણ સન્માનિત કર્યુ હતું. ૨૦૦૧ ના ભૂકંપ બાદ મને ગુરુ કૃપાથી આ પવિત્ર સ્થાનને સંરક્ષિત કરવાનો મોકો મળ્યો. મોદીએ કહ્યું કે, ગુરુ નાનક દેવજીનો સંદેશ સમગ્ર દુનિયા સુધી નવી ઉર્જા સાથે પહોંચે, તેના માટે દરેક સ્તરે પ્રયાસ કરાયા છે. દાયકાઓથી જે કરતારપુર સાહિબ કોરિડોરની રાહ જોઈ હતી, ૨૦૧૯ માં અમારી સરકારે તેનુ નિર્માણ કાર્ય પણ પૂરુ કર્યું. થોડા મહિના પહેલા હું અમેરિકા ગયો હતો, ત્યારે અમેરિકાએ ભારતને ૧૫૦ ઐતિહાસિક વસ્તુઓ પરત આપી હતી. તેમાં એક નાની તલવાર પણ હતી, જેના પર ફારસી ભાષામાં ગુરુ હરગોબિંદજીનું નામ લખ્યુ છે. તેને પરત લાવવાનું સૌભાગ્ય મારી સરકારને પ્રાપ્ત થયું. તાજેતરમાં જ અમે અફઘાનિસ્તાનથી ગુરુ ગ્રંથ સાહિબના સ્વરૂપોને ભારતમાં લાવવામાં સફળ રહ્યાં. ગુરુ કૃપાનો આ અનુભવથી મોટું શુ હોઈ શકે.

સંબોધનમાં તેમણે કહ્યુ કે, ગુજરાત માટે તે હંમેશા ગર્વની વાત રહી છે કે, ખાલસા પંથની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવનાર પંજ પ્યારોમાં ચોથા ગુરુશીખ ભાઈ મોહકમ સિંહજી ગુજરાતના હતા. દેવભૂમિ દ્વારકામાં તેમની સ્મૃતિમાં ગુરુદ્વારા બેટ દ્વારકા ભાઈ મોહકમ સિંઘનું નિર્માણ થયુ છે. ગુરુ નાનક દેવજી અને તેમના બાદ અલગ અલગ ગુરુઓએ ભારતની ચેતનાની પ્રજલ્લિત રાખી છે, ભારતને સુરક્ષિત રાખવાનો માર્ગ બનાવ્યો. આપણા ગુરુઓનું યોગદાન માત્ર સમાજ અને અધ્યાત્મ સુધી જ સીમિત નથી. પરંતુ આપણુ રાષ્ટ્ર,



રાષ્ટ્રનુ ચિંત, રાષ્ટ્રની આસ્થા અને અખંડિતતા જો આજે સુરક્ષિત છે, તો તેના મૂળમાં શીખ ગુરુઓની મહાન તપસ્યા છે.

તેમણે કચ્છના ટુરિઝમ વિશે કહ્યું કે, દુનિયાભરથી લોકો કચ્છ તરફ આકર્ષીત થયા છે. હવે તો ગુજરાતના ટુરિઝમને હેરિટેજમાં પણ સ્થાન મળ્યુ છે. જેને કારણે આપણુ ટુરિઝમ બન્યું છે. આગામી સમયમાં અહી નવા રોડ-રસ્તાઓ બની રહ્યા છે. જેનો લાભ કચ્છના લોકો, ઉદ્યોગો અને મુસાફરોને થશે. રોડની સુવિધાથી કચ્છના તમામ જોવાલાયક સ્થળો સુધી પહોંચી શકાશે.

### પાયલટ હર્ષિત સિંહાનું મોત

## ભારત-પાકિસ્તાન બોર્ડર પાસે ફાઈટર જેટ તૂટી પડ્યું

જૈસલમેર,તા.૨૫

જૈસલમેરમાં ભારત-પાકિસ્તાન સીમા પાસે વાયુસેનાનું એમઆઈજી ૨૧ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું છે. આ ઘટના સુદાસરી ગામ નજીક બની છે.આ ક્રેશમાં સળગી જવાને લીધે પાયલટ વિંગ કમાન્ડર હર્ષિત સિંહાનું મોત થયું છે. એરફોર્સે પણ આ અંગે પુષ્ટી કરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જે જગ્યાએ જેટ તૂટી પડ્યું તે સુદાસરી ડેઝર્ટ નેશનલ પાર્કમાં આવે છે અને પાકિસ્તાન બોર્ડર નજીક છે. આ એરિયા આર્મીના નિયંત્રણ હેઠળ છે. આ સંજોગોમાં ત્યાં જવા માટે કોઈને પરવાનગી આપવામાં આવી નથી.વિમાન લગભગ ૮ વાગે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. તેનો પાયલટ નિયમિત ઉડાન પર હતો. આ ઘટના જૈસલમેરથી આશરે ૭૦ કિમી દૂર થઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ,૨૦૨૧માં પણ બાડમેરમાં એક મિગ-૨૧ વિમાન તૂટી પડ્યું હતું. જયા આ ઘટના બની તે નીમ્બાના ગ્રામીઓએ જણાવ્યું કે ઉડતા વિમાનમાં આગ લાગ્યા બાદ ધડાકા સાથે તૂટી પડ્યું હતું. જયારે ગામના અનેક લોકો ત્યાં દોડી આવ્યા તો ઘેરો બનાવી લીધો. આર્મીએ સમગ્ર વિસ્તારને આર્મીને કવર કરી લીધો હતો. ત્યારબાદ કલેક્ટર આશીષ મોદી, એસપી અજય સિંહ, ફાયરબ્રિગેડની ટીમ તથા પોલીસ અધિકારી ત્યા પહોંચ્યા હતા. મળેલી માહિતી પ્રમાણે બોડીના ડ્રેસ પર નેમ પ્લેટ પણ સળગી ગઈ હતી. આ વિમાનને હવામાં જ આગ લાગી ગઈ હતી જેને પગલે પાયલટ પોતાને ઈન્જેક્ટ કરી શક્યા નહી.

જાણકારી પ્રમાણે વિમાન ક્રેશ થયું ત્યારે જમીન પર ખૂબ જ મોટો ધડાકો થયો હતો. ત્યારબાદ સૌથી પહેલા સ્થાનિક લોકો ત્યાં એકત્રિત થઈ ગયા હતા. સ્થાનિક વહીવટીતંત્ર ત્યાં પહોંચી ગયું હતું.જૈસલમેરના એસપી અજય સિંહે જણાવ્યું હતું કે આજે ભારતીય હવાઈ દળનું એમઆઈજી૨૧ એરક્રાફ્ટ સાંજના સમયે ડેઝર્ટ નેશનલ પાર્ટમાં તૂટી પડ્યાની માહિતી મળી છે.આ એરક્રાફ્ટે જૈસલમેર એર બેઝ પરથી ઉડ્ડાન ભરી હતી.

## દેશણાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૨૮૬ કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૨૫

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના વધતા ખતરા વચ્ચે દેશમાં વેક્સિનેશન ડ્રાઈવ હેઠળ અત્યાર સુધી ૧૪૧.૦૧ કરોડ કોવિડ વેક્સીન લગાવવામાં આવી છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની વાત કરીએ તો છેલ્લા ૫૭૯ દિવસમાં સૌથી ઓછા એક્ટિવ કેસ શનિવારે છે. દેશમાં વર્તમાનમાં કોરોનાના ૭૭,૦૩૨ એક્ટિવ કેસ છે. દેશમાં કોરોનાના કુલ કેસમાં એક્ટિવ કેસ માર્ચ ૨૦૨૦ બાદ સૌથી ઓછા થયા છે. આ સમયે સક્રિય કેસ કુલ કેસના માત્ર ૦.૨૨ ટકા છે. એટલું જ નહી, માર્ચ ૨૦૨૦ બાદ દર્દીઓનો સાજા થવાનો દર પણ સૌથી વધુ થઈ ગયો છે. દેશમાં સ્વસ્થ થવાનો વર્તમાન દર ૯૮.૪૦ ટકા પહોંચી ગયો છે. સ્વાસ્થ્ય વિભાગના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭૨૮૬ દર્દી સાજા થયા છે. તો દેશભરમાં અત્યાર સુધી સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૩,૪૨,૨૩,૨૬૩ થઈ ગઈ છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૩૮૭ લોકોના મોત થયા છે. કોરોનાની વિગત જોઈએ તો છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસ- ૭૨૮૬,૨૪ કલાકમાં થયેલા મૃત્યુ- ૩૮૭,એક્ટિવ કેસ- ૭૭૦૩૨,ટોટલ રિકવર- ૩,૪૨,૨૩,૨૬૩,કુલ મૃત્યુ- ૪,૭૯,૫૨૦ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૧૮૯ કેસ સામે આવ્યા છે. આ સિવાય અત્યાર સુધી ૬૭.૧૦ કરોડ કોરોના ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે. કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનની વાત કરીએ તો ભારતમાં ઓમિક્રોનના કુલ ૪૧૫ કેસ થઈ ગયા છે. ઓમિક્રોનના સૌથી વધુ કેસ ૧૦૮ મહારાષ્ટ્રમાં છે. રાજયવાર અત્યાર સુધી ઓમિક્રોનના કેટલા કેસ સામે આવ્યા છે, આ ઉપરાંત દિલ્હી- ૭૯,ગુજરાત- ૪૩,તેલંગાણા- ૩૮,કેરળ- ૩૭,તમિલનાડુ- ૩૪,કર્ણાટક- ૩૧,રાજસ્થાન- ૨૨ કેસ નોંધાયા છે.

## પૂર્વ વડાપ્રધાન અટલજીની ૯૭મી જન્મજયંતિ, મોદી સહિત દિગ્ગજ નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી

પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની ૯૭મી જન્મજયંતિ અવસર પર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ સહિત અનેક દિગ્ગજો સદૈવ અટલ પર પહોંચ્યા અને તેમને શ્રદ્ધાંજલિ આપી.

આ પ્રસંગે ઘણા કેન્દ્રીય મંત્રીઓ હાજર રહ્યા હતા અને અટલ બિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ આપી હતી. આપને જણાવી દઈએ કે, અટલ બિહારી વાજપેયીનો જન્મ ૨૫ ડિસેમ્બર ૧૯૨૪નાં રોજ થયો હતો. તેઓ ત્રણ વખત દેશનાં વડાપ્રધાન રહી ચૂક્યા છે અને ભાજપનાં સૌથી વરિષ્ઠ-કમ-નેતાઓમાંના એક હતા. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને લખ્યું હતું કે, આદરણીય અટલજીને તેમની જન્મજયંતિ પર કોટિ કોટિ નમન.

અટલજીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ. અમે રાષ્ટ્ર પ્રત્યેની તેમની સમૃદ્ધ સેવાથી પ્રેરિત છીએ. તેમણે ભારતને મજબૂત અને વિકસિત બનાવવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. તેમની વિકાસની પહેલે લાખો ભારતીયો પર સકારાત્મક અસર કરી.

રાજનાથ સિંહે લખ્યું કે, હું અટલજીને તેમની જન્મજયંતિ પર નમન કરું છું. તેઓ એક મહાન રાષ્ટ્રવાદી હતા જેમણે એક પ્રતિષ્ઠિત વક્તા, એક અદ્ભુત કવિ, એક સક્ષમ વહીવટકર્તા અને નોંધપાત્ર સુધારાવાદી તરીકે પોતાની છાપ ઊભી કરી હતી. ભારતનાં જાહેર જીવનમાં અટલજીનાં અમૂલ્ય યોગદાનને ક્યારેય ભૂલી શકાશે નહીં.

પૂર્વ વડાપ્રધાનને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે પણ શ્રદ્ધાંજલિ આપી હતી, તેમણે ટ્વીટ કરતા લખ્યુ, અટલજીએ પોતાના વડાપ્રધાનનાં કાર્યકાળ દરમિયાન ઘણા દૂરંદેશી નિર્ણયો લઈને મજબૂત ભારતનો પાયો નાખ્યો અને સાથે જ દેશમાં સુશાસનનું વિઝન પણ બતાવ્યું. દર વર્ષે મોદી સરકાર અટલજીનાં યોગદાનને યાદ કરીને ખૂબ જ ઉત્સાહ સાથે 'સુશાસન દિવસ' ઉજવે છે. સૌને સુશાસન દિવસની શુભકામનાઓ.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં પ્રચારકથી વડાપ્રધાન સુધીની સફર કરનાર અટલ બિહારી વાજપેયીનો જન્મ ૨૫ ડિસેમ્બર, ૧૯૨૪નાં રોજ ગ્વાલિયરમાં મોટા દિવસનાં અવસરે થયો હતો. અટલ બિહારી વાજપેયી પત્રકારત્વ કર્યા પછી રાજકારણમાં આવ્યા હતા. તેઓ ૧૯૫૧માં ભારતીય જનસંઘનાં સ્થાપક સભ્યોમાંના એક હતા. તેઓ ૧૯૫૭માં ઉત્તર પ્રદેશની બલરામપુર બેઠક પરથી જીતીને પહેલીવાર સંસદમાં પહોંચ્યા હતા. ૧૯૬૨ થી ૬૮ સુધી તેઓ ઉત્તર પ્રદેશમાંથી રાજયસભાનાં સભ્ય હતા. ૧૯૬૭માં ફરી એકવાર તેઓ બલરામપુરથી ચૂંટણી જીતીને લોકસભામાં પહોંચ્યા હતા. તેઓ ૧૯૭૧માં ગ્વાલિયરથી જીત્યા હતા. તેઓ ૧૯૭૭માં નવી દિલ્હી બેઠક પરથી ચૂંટણી જીતીને લોકસભામાં પહોંચ્યા હતા. ૧૯૭૭માં જ તેઓ દેશનાં વિદેશ મંત્રી બન્યા, જયારે તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં હિન્દીમાં સંબોધન કર્યું. ૧૯૮૦માં તેઓ ફરી એકવાર પાંચમી વખત લોકસભામાં પહોંચ્યા. ભાજપની સ્થાપના ૧૯૮૦માં જ થઈ હતી અને તેઓ તેના સ્થાપક સભ્ય તેમજ પ્રથમ પ્રમુખ હતા.

## લદ્દાખમાં ભારત-ચીનનો દ્વિપક્ષીય વ્યાપાર વિક્રમજનક સ્તર પર પહોંચ્યો

,નવીદિલ્હી,તા.૨૫

ભારત અને ચીને આ વર્ષે એક મહત્વની ઉપબલ્ધિ હાંસલ કરી છે. દ્વિપક્ષીય વ્યાપાર ૧૦૦ અબજ ડોલરનો ઐતિહાસિક આંકડાને પાર કરી લીધો છે. જોકે આ અંગે બન્ને દેશની રાજધાનીમાં કોઈ ખાસ ઉલ્લેખ થયો નથી, કારણ કે બેઈજીંગ દ્વારા સમજૂતીનું ઉલ્લંઘન કરવાને પગલે પૂર્વી લદ્દાખમાં સૈન્ય તંગદિલીને લીધે એશિયાના બન્ને મોટા દેશના સંબંધ વિશેષ કરીને ખરાબ સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છે.ભારત અને ચીન વચ્ચે દ્વિપક્ષીય વ્યાપારની શરૂઆત વર્ષ ૨૦૦૧માં ૧.૮૩ અબજ ડોલરથી થઈ હતી. અલબત આ વર્ષના પ્રથમ ૧૧ મહિનામાં ૧૦૦ અબજ ડોલરના આંકડાને પાર કરી લીધો છે, જે એક મહત્વપૂર્ણ સીમાચિન્હ માનવામાં આવે છે. ચીનના જનરલ એડમિનિસ્ટ્રેશન ઓફ કસ્ટમએ ગયા મહિને જાહેર કરેલી માહિતી પ્રમાણે ભારત-ચીન વચ્ચે દ્વિપક્ષીય વ્યાપાર જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૧ દરમિયાન કુલ ૧૧૪.૨૬૩ અબજ ડોલર રહ્યો છે, જે વાર્ષિક ધોરણે ૪૬.૪ ટકા વૃદ્ધિ દર્શાવે છે.જોકે, જયા દ્વિપક્ષીય વ્યાપાર ૧૦૦ અબજ ડોલરના આંકડાને પાર થઈ ચુક્યો છે ત્યારે વ્યાપાર ખાધ પણ ૧૧ મહિનામાં ૬૧.૫૪૭ અબજ ડોલર પર રહી છે. તે આ વર્ષના આધારે ૫૩.૪૯ ટકા વધી છે.

## કોંગ્રેસ રાહુલ ગાંધીના 'હિંદુ અને હિંદુત્વ'ને શિબિર લગાવીને હેતુ સમજાવશે

નાવીદિલ્હી,તા.૨૫ ડિસેમ્બર, ૨૦૨૧, શનિવાર

રાહુલ ગાંધીના હિંદુ અને હિંદુત્વના એજન્ડાને લઈ કોંગ્રેસે મોટો પ્લાન તૈયાર કરવાનો નિર્ણય લીધો છે. દેશભરના કોંગ્રેસી કાર્યકરોમાં રાહુલ ગાંધીના હિંદુ દર્શનને લઈ ભ્રમની સ્થિતિ બનેલી છે જેને કોંગ્રેસે હવે દરેક રાજયમાં શિબિર યોજીને દૂર કરવાનો નિર્ણય લીધો છે.કોંગ્રેસના એક્સપર્ટ્સ પાર્ટી કાર્યકરોને સમજાવશે કે, રાહુલના હિંદુ અને ભાજપના હિંદુત્વમાં શું અંતર છે અને જનતા વચ્ચે આ અંતરને કઈ રીતે સમજાવવાનું છે.

જયપુર ખાતે ૨૬, ૨૭ અને ૨૮ ડિસેમ્બરના રોજ આ પ્રકારની શિબિરનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જયપુરથી આશરે ૨૫ કિમી દૂર પદ્મપુરા ખાતે આ શિબિરનું આયોજન કરવામાં આવશે જેમાં કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સિંહ સુરજેવાલા અને અજય માકન સહિતના આ વિષયના એક્સપર્ટ્સ સહભાગી બનશે.કોંગ્રેસ સંગઠનના તમામ નેતાઓ સહિત ચૂંટાયેલા કાર્યકરો અને પ્રવક્તાઓને આ શિબિરમાં બોલાવવામાં આવ્યા છે. તેના પહેલા પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ ડોટાસરા દિલ્હી જઈને આવ્યા છે. આ પ્રકારની શિબિર તમામ રાજયોમાં આયોજિત કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, રાજસ્થાન સરકારના પાણી પુરવઠા મંત્રી મહેન્દ્ર સિંહ માલવીયે ૨ દિવસ પહેલા જ હિંદુ અને હિંદુત્વ અંગે કરવામાં આવેલા સવાલના જવાબમાં એમ કહી દીધું હતું કે, આ મોટા નેતાઓની વાત છે, અમને નથી સમજાતી. એ જ રીતે કાર્યકરોમાં પણ કોંગ્રેસના હિંદુ દર્શન અને હિંદુત્વને લઈ ભ્રમની સ્થિતિ બનેલી છે જેને સમજાવવા અને જનતામાં લઈ જવા માટે આ પ્રકારની શિબિરનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જોકે કોંગ્રેસ તરફથી એવું કહેવામાં આવ્યું છે કે, આ સદસ્યતા અભિયાનની તૈયારી માટે શિબિર આયોજિત કરવામાં આવી રહી છે.

## દેશભરમાં ધામધૂમથી પ્રભુ ઈશુનો જન્મ દિવસ મનાવવામાં આવ્યો

નવીદિલ્હી,તા.૨૫

દેશભરમાં ક્રિસમસનો ઉત્સાહ જોવા મળ્યો હતો.ગિરજાઘર રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા હતાં. પ્રભુ ઈશુના જન્મોત્સવ પર દેશભરમાં ચર્ચને દુલ્હનની જેમ સજાવવામાં આવ્યુ હતું. સોશિયલ મીડિયા પર ઘણા ફોટા સામે આવ્યા છે જેમાં જોઈ શકાય છે કે ગિરજાઘરોમાં ફાધર સહિત સમુદાયના અન્ય લોકો ક્રિસમસની ઉજવણી કરી રહ્યા છે. શુક્રવારની સાંજથી જ ગિરજાઘરોમાં ક્રિસમસની ઉજવણી શરુ થઈ ગઈ હતી. આ દરમિયાન કોરોના વાયરસના વધતા કેસોને જોતા કોવિડ ગાઈડલાઈન મુજબ લોકોએ પ્રભુ ઈશુનો જન્મદિવસ મનાવ્યો.



ક્રિસમસના અવસર પર ગોવાના પણજીમાં અવર લેડી ઑફ ધ ઈમેકુલેટ કૉન્સેપ્શન ચર્ચા મધ્યરાત્રિ સામૂહિક આયોજન કરવામાં આવ્યુ હતું જયારે પશ્રિમ બંગાળમાં પણ ક્રિસમસના અવસર પર કોલકત્તાંના સેંટ ટેરેસા ચર્ચામાં મધ્યરાત્રિ સામૂહિક પ્રાર્થનાનુ આયોજન કરવામાં આવ્યુ હતું.આ ઉપરાંત કર્ણાટકના બેંગલરુમાં સેન્ટ ફ્રાંસિસ ચર્ચામાં સામૂહિક પ્રાર્થના કરવામાં આવી હતી.

હિમાચલ પ્રદેશમાં વિદેશીઓની સાથે સ્થાનિકો લોકોએ ક્રિસમસની પૂર્વ સંધ્યાએ ધર્મશાળામાં સેંટ જોન ઓફ દ વાઈલ્ડરનેસ ચર્ચમાં પૂજા અર્ચના કરી હતી. તો બેલ્જિયમના રાજદ્વારીએ કહ્યું હતું કે, દરેક ઘરથી ખૂબ જ દૂર છે અને અહીં સાથી ઈસાઈઓ સાથે ક્રિસમસ મનાવવા માટે ખૂબ જ આભારી છું. પુડુચેરીના વિવિધ ચર્ચોમાં મધરાતે લોકો પ્રાર્થનામાં સામેલ થયાં હતા. આ વખતે કોરોનાને કારણે ઓછી સંખ્યામાં લોકોનો જમાવડો ચર્ચમાં જોવા મળી રહ્યો છે.

ખ્રિસ્તી બહુમતી ધરાવતા ઉત્તરપૂર્વ રાજય મિઝોરમમાં ક્રિસમસ સમારોહમાં ૧૫૦માં વર્ષની ઉજવણી કરવામાં આવી હતી, રાજયમાં એક વર્ષના અંતરાળ બાદ ક્રિસમસનો ઉત્સવ મનાવાયો હતો ચાલુ વર્ષે કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખીને સાદગીથી સાથે લોકો સામૂહિક પ્રાર્થનામાં સામેલ થયા હતાં અને ક્રિસમસની ઉજવણી કરી હતી

ક્રિસમસના અવસર પર ૨૫ ડિસેમ્બરની રાતે ૧૨ વાગતા જ ગિરજાઘરોને ઘંટ અને ઘડિયાળો વાગવા લાગ્યા. વજીરપુરા સ્થિત નિષ્કલંક માતા મહાગિરજાઘર(સેન્ટ પીટર્સ)માં આર્ચ બિશપ ડૉ. રાફી મંજલિએ પલ્લી પુરોહિતો સાથે જન્મની પજા વિધિઓ પૂરી કરી. વળી, સેન્ટ મેરીઝ ચર્ચમાં ફાધર સ્ટીફન, ફાધર મૂન લાજરસે પ્રભુના જન્મની પૂજા કરાવી હતી ચર્ચામાં ફાધરે પોતાના પ્રવચનમાં કહ્યુ કે માનવતાનો ઉદ્ધાર કરવા પ્રભુ ઈશુએ જન્મ લીધો છે. આપણે સહુ વ્રત લઈએ કે પીડિત માનવતાની સેવા કરીશુ, એકબીજાનો સાથ આપીશુ.

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટણી પ્રક્રિયાનો આવશ્યક સુધાર



***મતદાર ઓળખપત્રને આધાર કાર્ડ સાથે જોડવાનો મામલો વિવાદ અને રાજકીય ચર્ચાનો મુદ્દો ભલે બન્યો હોય, પરંતુ આ બહુ આવશ્યક સુધાર છે. આ કાયદો સંસદના બંને સદનોમાંથી પસાર થઈ ગયો. તેમ છતાં લાંબા સમય સુધી એના પર ટીકા-ટિપ્પણી થતી રહેશે. આપણા દેશમાં આધાર કાર્ડ કે એવા તમામ ઓળખપત્રોથી સંબંધિત કારણોને લઈને વિવાદ હંમેશાં થાય છે. જે પાર્ટી વિપક્ષમાં હોય છે તે પ્રશ્ન ઉઠાવે છે અને સત્તારૂઢ પાર્ટી તેને યોગ્ય ગણાવે છે. જ્યારે ચૂંટણી પંચે મતદાર ઓળખપત્ર લાવવાનો પ્રસ્તાવ મૂક્યો તો અનેક રાકીય પક્ષો જ નહીં, મજહબી આધાર પર પણ તેનો વિરોધ થયો હતો. પાન કાર્ડ શરૂ કરવાનો પણ વિરોધ થયો હતો. આધાર કાર્ડને લઈને તો તેના આરંભથી અત્યાર સુધી વિવાદો ચાલી રહ્યા છે. નીચેથી ઉપર સુધીના ન્યાયાલયોમાં કેટલાય કેસો ચાલે છે. તેને સંબંધિત સુપ્રીમ કોર્ટમાંથી કેટલાય ચુકાદા આવી ગયા છે. આ બધા વિવાદો અને વિરોધો છતાં દેશના મોટાભાગના લોકોએ આ તમામ ઓળખપત્રો બનાવી લીધા છે અને જેની પાસે નથી તેઓ તેની કોશિશ કરી રહ્યા છે. તેનો અર્થ એ જ છે કે ભલે રાજકારણ અને એક્ટીવિઝમના સ્તરે આશંકાઓ અને વિરોધ કરવામાં આવે, દેશની બહુમતી જનતા પર તેની કોઈ અસર નથી. એવું જ આ મામલે પણ થશે. હાલમાં પણ લગભગ ૨૦ કરોડની આસપાસ એવા મતદારો છે, જેમનું મતદાર ઓળખપત્ર આધાર કાર્ડ સાથે જોડાઈ ગયું છે.***

***જો આદર્શ સિદ્ધાંતોની વાત કરીએ તો કોઈપણ વ્યવસ્થામાં સમાજના આમ આદમી માટે હંમેશાં સરળતા, સુગમતા, સહજતાની સ્થિતિ હોવી જોઇએ. જેટલા ઓળખપત્રો વધશે, એટલી જ સમસ્યાઓ વધશે. દુર્ભાગ્યે આ મોટાભાગના કાર્ડમાં અંગ્રેજી નામને પ્રાથમિકતા આપવામાં આવે છે. એ કારણે અનેક ભારતીયોનાં નામ બગડી જાય છે. એક જ વ્યક્તિના અલગ-અલગ ઓળખપત્રોમાં નામના સ્પેલિંગ જુદા હોઇ શકે છે અને તેને કારણે તેણે પરેશાની ઉઠાવવી પડે છે. કોઈ રાજકીય પક્ષ, જન સંગઠન કે એક્ટિવિસ્ટ, ન્યાયાલય આ સમસ્યા તરફ ધ્યાન નથી આપતા. આ મૂળ વિષયને છોડીને આપણે જો આધાર કાર્ડ અને મતદાર ઓળખપત્ર પર પાછા ફરીએ તો તમામ વિવાદોનો પહેલો નિષ્કર્ષ એ જ હશે કે મોટાભાગના મુદ્દા રાજકીય રીતે અને વિરોધ માટે વિરોધ કરવાની માનસિકતાથી ઉઠાવવામાં આવ્યા છે. દરેક પ્રકારના કાર્ડનો દુરુપયોગ તેને માંગનારી એજન્સીઓ દ્વારા થવાની સંભાવના રહે છે અને રહેશે. પરંતુ એ ન ભૂલાય કે ભારતમાં મતદાર ઓળખપત્રોની સુરક્ષાની ચૂંટણીપંચનો વાયદો અત્યાર સુધી સંતોષજનક રહ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ગઈ વખતે મતદારોના ઓળખપત્રોને વ્યાપક ગરબડની ફરિયાદ થઈ. ત્યાં સુધી આરોપ લાગ્યો કે કોઈ બીજા દેશે તમામ ડેટા લઈને ચૂંટણીમાં હસ્તક્ષેપ કર્યો. ચૂંટણી પંચ એ વચન આપી રહ્યું છે કે આધાર કાર્ડથી ઓળખ પત્રને લિંક કર્યા છતાં તમામ વ્યક્તિઓની જાણકારી સુરક્ષિત રહેશે તો તેના પર વિશ્વાસ કરવો જોઇએ. હા, તેના નિરીક્ષણની જરૂરિયાત તો રહેશે જ. સરકારે વિપક્ષ સાથે વિચાર-વિમર્શ નથી કર્યો કે તે એના પર ચર્ચા નથી થવા દેવા માંગતી એ વિષય પર ભિન્ન મત હોઇ શકે છે.***

# ગુડબાય -૨૦૨૧-ગુજરાતના સફળ ખેલાડીઓ

ગુજરાતના રમતગમત નાં ઈતિહાસમાં આ ×ગુડબાય થતું -૨૦૨૧×નુ વર્ષ એ ઐતિહાસિક સફળતાઓ સાથે સુવર્ણ પ્રકરણો આલેખનારુ રહ્યું.

આ ૨૦૨૧નાં વર્ષમાં કોરોના નાં માહોલ અને અન્ય અગવડતા ઓ વચ્ચે પણ ગુજરાતના અનેક ખેલાડીઓએ માત્ર રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ જ નહીં પણ આંતર રાષ્ટ્રીય તેમજ ઓલિમ્પિકમાં પણ ×ઐતિહાસિક સફળતાઓ× મેળવીને...ગુજરાત અને ભારત દેશનું નામ રોશન કર્યું હતું.

ગુજરાતનાં ઈતિહાસમાં સૌ પ્રથમવાર ગુજરાતની કુલ છ મહિલા ખેલાડીઓ (અંકિતા રૈનાં-ટેનિસ,ઈલાવેનીલ વેલારિવાન-શૂટિંગ,માના પટેલ-સ્વિમિંગ,ભાવિના પટેલ-પેરા ટેબલ ટેનિસ,સોનલ પટેલ-પેરા ટેબલ ટેનિસ અને પારુલ પરમાર -પેરા બેડમિન્ટન )ઓલિમ્પિક તેમજ પેરા ઓલિમ્પિક -૨૦૨૦ માટે ક્વોલીફાય થઇ હતી અને મેડલ વિનર પણ બની હતી.

ગુજરાતનાં ઘણા બધા ખેલાડીઓ એ સફળતાના ઉચ્ચતમ શિખરો સર કર્યા હતા તેમાંથી કેટલાક ખેલાડીઓનાં નેત્ર દિપક દેખાવને આપણે જાણીયે અને માણીયે.

**ભાવિના પટેલ : (પેરા ટેબલ ટેનિસ)**


જાપાનમાં ટોક્યો ખાતે યોજાયેલ પેરાલીમ્પિક -૨૦૨૦માં ટેબલટેનિસની રમતમાં ગુજરાતની પેરા ટેબલટેનિસની ખેલાડી ભાવિના પટેલે, તેમની પ્રથમ પેરાલીમ્પિક માં જ શ્રેષ્ઠ રમત દર્શાવતા × સિલ્વર મેડલ × જીતીને ઈતિહાસ સર્જયો હતો. આ વર્ષે જ ×અર્જુન એવોર્ડ× મેળવનાર ભાવિના પટેલ.. એ.. મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં આવેલ સુંઢિયાગામની ખેલાડી છે. ભાવિનએ ૨૦૧૧માં થાઈલેન્ડ ઓપનમાં ×સિલ્વર મેડલ ×જીતી ને વર્લ્ડ નંમ્બર -૨ નુ રેક્કિંગ મેળવ્યું હતું. ભાવિના પટેલને હાલ કેન્દ્રીય ચૂંટણી પંચે, ગુજરાતમાં મતદાર જાગૃતિમાટે ×સ્ટેટ આઈકોન ×તરીકે પસંદ કરી છે.

**અંકિતા રૈનાં : ( ટેનિસ )**

આ વર્ષે ટોક્યો ઓલિમ્પિક -૨૦૨૦ માં ટેનિસની મહિલા ડબ્લસ ઈવેન્ટમાં,સાનિયા મિર્ઝા સાથે ભાગ લેનાર અને આ વર્ષે જ 'અર્જુન એવોર્ડ ' મેળવનાર અંકિતા રૈનાં એ વર્ષના પ્રારંભ માં ×ઓસ્ટ્રેલિયન ઓપન ×માં ત્રીજા અને અંતિમ ક્વોલિફાઈંગ રાઉન્ડ સુધી રમી હતી. તે પછી ગ્રાન્ડ સ્લેમના મુખ્ય ડ્રોમાં ભાગ લેનારી ભારત ની ચોથી ખેલાડી બની હતી.આ વર્ષની ×ફ્રેન્ચ ઓપન ×માં સિંગલ્સ અને ડબ્લ્સમાં બે રાઉન્ડ સુધી રમી હતી.×વિમ્બલ્ડનમાં રૈના એ ત્રણેય ઈવેન્ટ્સ માં ભાગ લીધો હતો.અને... ગ્રાન્ડ સ્લેમની અંતિમ ×યુ. એસ. ઓપન ×માં ડબલ્સ માં ભાગ લીધો હતો. આમ આ વર્ષે ગ્રાન્ડ સ્લેમની ચારેય ટુર્નામેન્ટ રમનારી ગુજરાત ની પ્રથમ ટેનિસ વીરાંગના બની હતી.

**માના પટેલ : ( સ્વિમિંગ )**

ટોક્યો ઓલિમ્પિક -૨૦૨૦ ની સ્વિમિંગ રમત માટે કવોલીફાઈ થનાર પ્રથમ ભારતીય મહિલા સ્વિમર બની હતી. માના પટેલએ.. ઓલિમ્પિકમાં મહિલાઓની ૧૦૦ મીટર બેકસ્ટ્રોક સ્પર્ધામાં ભાગ લીધો હતો.૨૧ વર્ષની મહિલા સ્વિમર માના પટેલએ ૭૨મી સિનિયર



નેશનલ એક્વેટિક ચેમ્પિયનશિપ માં ૩ ×ગોલ્ડ મેડલ × જીતી ને ગોલ્ડન હેટ્રિક કરી હતી. માના એ બેંગ્લોરમાં યોજાયેલ ૧૦મી એશિયન એઈજ ગ્રુપ ચેમ્પિયનશિપ માં ૧ગોલ્ડ,૪સિલ્વર અને ૧બ્રોન્ઝ સાથે કુલ ૬ મેડલ જીત્યા હતા. ઓક્ટોબર -૨૦૨૧ સુધીમાં માના એ ૩૧રાષ્ટ્રીય રેકોર્ડ સાથે ૩૨આંતર રાષ્ટ્રીય, અને ૯૯ રાષ્ટ્રીય મેડલ જીત્યા છે.

**એલાવેનીલ વાલારિવાન : ( શૂટિંગ )**

ટોક્યો ઓલિમ્પિક -૨૦૨૦ માં શૂટિંગની રમતમાટે ગુજરાતની શૂટિંગ પ્રિંસેસ એલાવેનીલ કવોલીફાય થઇ હતી. ટોક્યો ઓલિમ્પિકમાં એલાવેનીલે શૂટિંગ ની ૧૦મીટર એર રાઈફલની સ્પર્ધામાં ભાગ લીધો હતો.એલાવેનીલ એ 'વર્લ્ડ ચેમ્પિયનશિપ ', વર્લ્ડકપ, વર્લ્ડકપ ફાઇનલ માં ૧૦ મીટર એર રાઈફલની સ્પર્ધા માં ગોલ્ડમેડલ મેળવ્યા હતા. આ ઉપરાંત એશિયન એરગન ચેમ્પિયનશિપ માં ૨ અને જુનિયર વર્લ્ડકપ માં ૬ ગોલ્ડ મેડલ મેળવનાર એલાવેનીલ ભારત ની ગોલ્ડન શૂટર છે.

**હરમીત દેસાઈ : (ટેબલ ટેનિસ )**

સુરતનાં ૨૮વર્ષનાં ટેબલ ટેનિસ નાં ખેલાડી હરમીત..દેસાઈ માટે ૨૦૨૧નુ વર્ષ ખુબ 'લકી યર ' રહ્યું છે તેમણે હમણાં જ ડિસેમ્બરમાં લગ્ન કર્યા છે...અને આ વર્ષ નાં ઓક્ટોબર માસમાં ટ્યુનીસ ખાતે રમાયેલ 'ટ્યુનીસ ચેમ્પિયનશિપ 'નુ ડબલ્સનુ ટાઈટલ જી. સાથિયાન સાથે રહીને જીત્યું હતું. આ પહેલા અર્જુન એવોર્ડી એવા હરમીતે દોહામાં યોજાયેલ એશિયન ચેમ્પિયનશિપ -૨૦૨૧ માં ડબલ્સ અને ટીમ ઈવેન્ટમાં એમ બે ઈવેન્ટમાં...૨ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. ટેબલ ટેનિસનાં માહિર ખેલાડી એવા હરમીતે ૨૦૧૮ માં યોજાયેલ 'કોમન વેલ્થ ગેઈમ્સ' -ગોલ્ડ કોસ્ટ ખાતે 'ગોલ્ડ મેડલ ' ટીમ ઈવેન્ટ માં અને ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.૨૦૧૮ માં જ જકાર્તા ખાતે યોજાયેલ 'એશિયન ગેઈમ્સ ' માં ટીમ ઈવેન્ટ માં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.નવેમ્બર -૨૦૧૯માં આઈ. ટી ટી. એફ. ઈન્ડોનેશિયા ઓપન ટુર્નામેન્ટ જીતી હતી... અને.. તે એશિયન ખંડમાં આ ટુર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય બન્યો હતો. જાન્યુઆરી -૨૦૨૦ માં નેશનલ ચેમ્પિયનશીપ નુ ટાઈટલ મેળવનાર તે પ્રથમ ગુજરાતી બન્યો હતો.

**આર્યન પંચાલ : ( સ્વિમિંગ )**

આર્યન પંચાલ સ્વિમિંગ માં બટરફ્લાય અને ફ્રી સ્ટાઈલનો શ્રેષ્ઠ સ્વિમર છે. આ વર્ષ દરમ્યાન આર્યને બેંગ્લોર ખાતે યોજાયેલ ૪૭મી જુનિયર નેશનલ એક્વેટિક ચેમ્પિયનશિપ માં નવો નેશનલ રેકોર્ડ નોંધવા સાથે ૨૦૦મીટર બટરફ્લાયમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.જ્યારે બેંગ્લોરમાં જ યોજાયેલ ૭૪મી સિનિયર નેશનલ એક્વેટિક ચેમ્પિયનશિપની ૨૦૦મીટર બટરફ્લાય ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.આ પહેલા અમદાવાદ માં રમાયેલ ૪૭મી અને ૩૭મી સબજુનિયર ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશિપની બટરફ્લાય અને ફ્રી સ્ટાઈલ ઈવેન્ટ્સ માં ૪ નવા સ્ટેટ રેકોર્ડ સાથે ૪ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ મેળવ્યા હતા. જ્યારે ૬૨મી ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયશીપ ની બટરફ્લાય અને ફ્રી સ્ટાઈલમાં ૩ગોલ્ડ અને ૨સિલ્વર મેડલ મેળવીને ૨ નવા સ્ટેટ રેકોર્ડ સાથે સ્ટેટ ચેમ્પિયનશિપ ટ્રોફી જીતી હતી.

**પ્રિયાંક પંચાલ : ( ક્રિકેટ )**

ભારતીય ક્રિકેટ ટીમનાં ભવિષ્ય નાં સંભવિત ખેલાડીઓ માં જેમનું નામ અગ્રેસર છે એ..પ્રિયાંક પંચાલ ગુજરાતનો હોનહાર ખેલાડી છે. ગુજરાત માટે ત્રેવડી સદી ફાટકરનાર (૨૦૧૬)પ્રથમ ખેલાડી છે એટલું જ નહિ પણ એકજ રણજી ટ્રોફી સીઝનમાં ૧૦૦૦ રન બનાવનાર ગુજરાતનો પ્રથમ ખેલાડી છે.૨૦૧૮-૧૯ રણજીટ્રોફીનાં ગ્રુપ સ્ટેજમાં ગુજરાત માટે નવ મેચ માં સૌથી વધુ ૮૯૮ રન બનાવ્યા હતા.૨૦૧૯-૨૦માં દુલીપ ટ્રોફી માટે ઈન્ડિયન રેડ ટીમનાં કેપ્ટન તરીકે નિયુક્ત થયા હતા.આ વર્ષનાં પ્રારંભે ઈંગ્લેન્ડ સામેની શ્રેણી માટે સ્ટેન્ડબાય ખેલાડી તરીકે નામ આપવા માં આવ્યું હતું તો આ વર્ષ નાં અંતે દક્ષિણ આફ્રિકાનાં પ્રવાસ માટે ઈન્ડિયન ટીમ -૧૬ માં તેમનો સમાવેશ કરાયો છે. પ્રિયાંક એ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૦૦ મેચ રમીને ૭૦૧૧ રન ૪૫.૫૨ રનની સરેરાશ થી બનાવેલ છે. જેમાં ૨૪ સદી નો સમાવેશ થાય છે.

**ફિલઝાહ ફાતિમા કાદરી : ( ટેબલ ટેનિસ )**

સુરતની ટેબલ ટેનિસ ની ખેલાડી ફિલઝાહએ આ વર્ષ દરમ્યાન ખુબ સરસ દેખાવ કર્યો હતો.ઓગસ્ટ મહિના માં ગાંધીધામ ખાતે યોજાયેલ ×ગુજરાત સ્ટેટ એન્ડ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ×માં જુનિયર ( અન્ડર -૧૯ ) ગર્લ્સ ઈવેન્ટની સિંગલ્સ અને વુમન્સ ટીમ ઈવેન્ટમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો અને જુનિયર ગર્લ્સ ટીમ ઈવેન્ટમાં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો.સપ્ટેમ્બર મહિનામાં યોજાયેલ ફર્સ્ટ ઓપન ગુજરાત સ્ટેટ રેક્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ×જુનિયર ગર્લ્સ ( અન્ડર -૧૯ ) નુ ટાઈટલ મેળવ્યું હતું.ઓક્ટોબર રાજકોટમાં યોજાયેલ ×સેકન્ડ ઓપન ગુજરાત સ્ટેટ રેક્કિગ ટુર્નામેન્ટ× માં જુનિયર ગર્લ્સ -અન્ડર -૧૯ અને વુમન્સ નુ ટાઈટલ મેળવ્યું હતું. આણંદમાં યોજાયેલ ×થર્ડ ઓપન ગુજરાત સ્ટેટ રેક્કિંગ× માં જુનિયર ગર્લ્સ -અન્ડર -૧૯ માં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. સુરતમાં રમાયેલ ફોર્થ ઓપન ગુજરાત સ્ટેટ રેક્કિંગમાં જુનિયર ગર્લ્સ અને વુમન્સ માં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. પંચકુલા ખાતે રમાયેલ નેશનલ રેક્કિંગ ચેમ્પિયનશિપ માં ક્વાટર ફાઈનલ સુધી રમી ને શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.

**કૌશા ભાઈરાપુરે : ( ટેબલ ટેનિસ )**

કૌશા ભાઈરાપુરે ટેબલટેનિસ ની ખેલાડી છે આ વર્ષ દરમ્યાન તેમણે ટેબલટેનિસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. લોયલા ટેબલ ટેનિસ એકેડેમીનાં ડાયરેક્ટર અને કોચ એવા શ્રી એન્થોની ગોમ્સ સર પાસે કોચિંગ લેતી કૌશાએ, નવેમ્બર મહિનામાં સુરત ખાતે ડબલ ટાઈટલ અન્ડર -૧૯ ગર્લ્સ અને વુમન્સ કેટેગરી માં શાનથી જીત્યું હતું. નેશનલ ટેબલટેનિસ ટુર્નામેન્ટમાં ગુજરાતનુ પ્રતિનિધિત્વ કરનારી કૌશા.. વુમન્સ કેટેગરી માં દ્વિતીય અને અન્ડર -૧૯ ગર્લ્સ માં તૃતીય ક્રમ ધરાવે છે. કૌશા એ વડોદરા ખાતે યોજાયેલ × ૬ઠ્ઠી એશિયન સ્કૂલ ટેબલટેનિસ અન્ડર -૧૮, બોય્સ એન્ડ ગર્લ્સ ચેમ્પિયનશિપ ×માં ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**પ્રાથા પવાર : ( ટેબલ ટેનિસ )**


પ્રાથા એ... માત્ર ૧૧-૧૨ વર્ષની.. ગુજરાતની ટેબલટેનિસની બાલિકા -ખેલાડી છે.અમદાવાદ માં આવેલ ×એક્લવ્ય ટેબલ ટેનિસ એકેડેમી× ની ખેલાડી.. પ્રાથા એ ગાંધીધામ ખાતે યોજાયેલ × કેડેટ ગર્લ્સ ગુજરાત સ્ટેટ એન્ડ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ -૨૦૨૧માં× ડબલ મેડલ × મેળવવાની સિદ્ધિ મેળવી હતી. પ્રાથા એ અન્ડર -૧૩માં ×ગોલ્ડ મેડલ × અને અન્ડર -૧૫ માં ×સિલ્વર મેડલ × જીત્યો હતો. જ્યારે અન્ડર -૧૭ માં ચોથો ક્રમ મેળવી અદભુત પ્રદર્શન કર્યું હતું. પ્રાથા એ ×કેડેટ ગર્લ્સ ગુજરાત સ્ટેટ એન્ડ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ટેબલટેનિસ ચેમ્પિયનશિપ × ની ૨૦૧૯ અને ૨૦૨૦ માં પણ ગોલ્ડ મેડલ મેળવેલ હોય..૨૦૨૧માં આ ચેમ્પિયનશિપમાં સતત ૩વર્ષ ગોલ્ડ મેડલ મેળવવાની સિદ્ધિ નોંધાવી હતી.

આમ ૨૦૨૧ નુ વર્ષ.. ગુજરાતનાં અન્ય ખેલાડીઓ જેવા કે... સ્કેટિંગ માં વૃષ્ટિ પટેલ,ક્રિષ્ના શેઠ,ખુશી પટેલ,પાવરલિફ્ટિંગ માં ધારિણી જોશી,પૂજા સિંઘ,ટેનિસ માં આર્યન શાહ, કુસ્તી માં રીતુબા જાડેજા,શૂટિંગમાં મિતેષ ગોહિલ,બેડમિન્ટનમાં અનુષ્કા પરીખ, ક્રિકેટમાં ચેતન સાકરીયા, ચેસમાં રિદ્ધિ પટેલ, ધ્યાના પટેલ,વેઈટ લિફ્ટિંગ મા આયુષી ગજ્જર,ટેબલ ટેનિસ માં માનવ ઠક્કર વિગેરે એ શ્રેષ્ઠ પ્રદર્શન કરી ને ગુજરાત નુ નામ રોશન કરેલ છે.

આવનારું...૨૦૨૨ નુ વર્ષ.. પણ... ગુજરાતના ખેલાડીઓ માટે ઐતિહાસિક સફળતાનું વર્ષ બની રહે તેવી હાર્દિક શુભેચ્છા.

ગુડબાય -૨૦૨૧ વેલકમ-૨૦૨૨

પ્રદીપ ત્રિવેદી



# ડાંગમા યોજાશે યજ્ઞ મહોત્સવ

આહવા તાઃ ૨૫ઃ

ડાંગ જિલ્લા પતંજલિ યોગ પરિવાર દ્વારા, સ્વામી રામદેવજી મહારાજના તેજસ્વી સન્યાસી પૂજ્ય યજ્ઞદેવજી મહારાજના સાનિધ્યમાં ડાંગ જિલ્લાનો ×યજ્ઞ મહોત્સવ× વઘઈ ખાતે આયોજિત કરાયો છે. તારીખ ૨૭મી ડિસેમ્બર ને સોમવારે બપોર બાદ ૩ઃ૩૦ વાગ્યાથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાજેદ્રપુર (વઘઈ), જિ.ડાંગ ખાતે આયોજિત આ મહોત્સવ દરમિયાન સ્વામી યજ્ઞદેવજી મહારાજના સાનિધ્યમા પ્રત્યક્ષ ×યજ્ઞ× કરવા માટે ડાંગના તમામ લોકોને દર્શાવેલ નંબર ઉપર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરવા જણાવાયુ છે. આ માટે (૧)

પ્રીતિબેન ભાવસાર - ૯૭૨૪૩ ૩૬૭૯૨, (૨) ગૌરવ કટારે ૮૩૨૦૪ ૪૦૨૪૧, અને (૩) શૈલેષભાઈ - ૯૪૨૭૧ ૫૪૮૬૬નો સંપર્ક કરી શકાશે. નિયમિત યજ્ઞ કરવાથી પર્યાવરણ શુદ્ધિ, બેક્ટેરીયા, વાયરસથી મુક્તિ, સાથે જીવનમા સુખ, શાંતિ અને દરેક પ્રકારની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. અલગ અલગ પ્રકારની હવન સામગ્રીનો ઉપયોગ કરીને કરવામા આવતા ×યજ્ઞ×થી અસાધ્ય રોગોને મટાડવામા ખૂબ જ મદદ મળે છે. જેની પાછળનુ વિજ્ઞાન શું છે ? તે જાણવા, સમજવા તથા યજ્ઞ કરવા કે સહભાગી થવા માટે નગરવાસીઓને આમંત્રણ પાઠવાયુ છે. ડાંગના કોઈ પણ વ્યક્તિ આ કાર્યક્રમમા ભાગ લઈ યજ્ઞ કરી શકે છે. આ માટે જરૂરી (૧) ગેલ્વેનાઈઝ હવનકુંડ સંપૂર્ણ કીટ, (૨) તાંબાનુ હવનકુંડ સમગ્ર કીટ યજ્ઞ સ્થળેથી મળશે.

જેમની પાસે હવનકુંડ તથા સંપૂર્ણ કીટની વ્યવસ્થા હોય તેમણે આ કીટ ખરીદવાની જરૂર નથી. જેમણે કીટ ખરીદવાની હોય તો તે માટે રજીસ્ટ્રેશન કરવાથી યજ્ઞના સ્થળેથી કીટ અને સામગ્રી ઉપલબ્ધ કરાવાશે. ×હરીદ્વાર×થી હર દ્વાર (દરેક ઘર) સુધી યજ્ઞ ચિકિત્સાના લાભો પહોંચાડી ડાયાબિટીસ, દમ, ખાંસી, કોલેસ્ટ્રોલ, તણાવ, લખવો, ધ્રુજારી, વાંઝણાપણુ, એસીડીટી, પીઠ દર્દો, નસમા દુખાવો, ત્વચાના રોગો, ત્રિદોષ, કેન્સર, ટ્યૂમર, વંશાનુગત વિકાર, શાંતી અને ખુશી માટે યજ્ઞ અનિવાર્ય અને ઉપયોગી પુરવાર થયા છે, તેમ આયોજકો દ્વારા જણાવાયુ છે. ઉલ્લેખનિય છે કે, હર ઘર સુધી યજ્ઞ યાત્રા પહોંચાડવાના ઉદ્દેશ સાથે ગુજરાતથી પ્રારંભાયેલી આ યાત્રા છેલ્લા વિસેક દિવસથી ગુજરાતમા ફરી રહી છે. જે દંડકારણ્યના આંગણેથી સૌરાષ્ટ્ર, કચ્છ તરફ પ્રયાણ કરશે. સ્વામી યજ્ઞદેવ મહારાજ સાથે યાત્રાના નિયુક્ત પદાધિકારીઓ, વલસાડના યોગાચાર્ય અને રાજ્ય પ્રભારી-મહિલા પતંજલિ યોગ સમિતિ (દક્ષિણ ગુજરાત) તનુજા આર્ય સહિત ગુજરાતના યજ્ઞ પ્રભારી નેહા વ્યાસ, ડાંગ પ્રભારી પ્રીતિબેન ભાવસાર સહિત કાર્યકરો પણ જોડાઈને યાત્રાને ઘર ઘર સુધી પહોંચાડી રહ્યા છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

# ગાંધીનગર જિલ્લામાં તા. ૨૫ થી ૩૧ મી ડિસેમ્બરસુધી સુશાસન સપ્તાહની ઉજવણી કરાશે

## સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત જિલ્લામાં વિવિધ લોકાર્પણ, ખાતમુહૂર્ત, શિબીર, આરોગ્ય કેમ્પ, ભરતી મેળા, ઈ- શ્રમકાર્ડ નોંધણી જેવા કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગરઃ શનિવારઃ સમગ્ર રાજયમાં આજથી સુશાસન સપ્તાહનો આરંભ કરવામાં આવ્યો છે. આજે સુશાસન સપ્તાહનો આરંભ રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ગાંધીનગર ખાતેથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સહભાગી બન્યા હતા.

દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઇના જન્મ દિવસ એટલે કે તા. ૨૫મી ડિસેમ્બરને સુશાસન દિવસ તરીકે સમગ્ર રાજયમાં ઉજવવામાં આવે છે. સમગ્ર રાજયમાં તા. ૨૫ થી ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૧ સુધી સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. સુશાસન સપ્તાહની ઉજવણી નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં પણ વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૨૭મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર – આજોલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- પાટનાકુવા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર – વડોદરાના નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનનું લોકાર્પણ કરવામાં આવનાર છે. તેમજ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી દ્વારા તા. ૨૭મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ કોબા ખાતે નિઃ શુલ્ક આયુર્વેદ- હોમિયોપેથી




નિદાન- સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૮મી ડિસેમ્બરના રોજ જિલ્લાના કૃષિ તંત્ર દ્વારા માણસા ખાતે પ્રાકૃતિક ખેતી, વિવિધ યોજનાઓ અને અન્ય ખેતી સંલગ્ન માહિતી આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૯મી ડિસેમ્બરના રોજ જિલ્લા નાયબ નિયામક (વિ.જા), ગાંધીનગર દ્વારા દહેગામ ખાતે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવશે. તેમજ તા. ૩૦મી ડિસેમ્બરના રોજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને શ્રમ અધિકારી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતે રોજગાર એનાયત પત્ર, એપ્રેન્ટીસ નિમણૂંક પત્ર અને ઈ- શ્રમ કાર્ડ નોંધણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## ગાંધીનગર મહાનગરપાલિકા અને સી.એન.આર્ટ કોલેજના સંયુક્ત ઉપક્રમે

# સ્વચ્છતા અંગેની જાગૃત્તિ આપતા ચિત્રોનું વોલ પેન્ડીગ કરવામાં આવ્યું




ગાંધીનગરઃ શનિવારઃ ગાંધીનગર મહાનગરપાલિકા અને સી. એન. ફાઈન આર્ટ કોલેજના સયુંકત ઉપક્રમે સ્વચ્છ સર્વેક્ષણ- ૨૦૨૨ અંતર્ગત સ્વચ્છતા અંગે જાગૃતિ આપતા ચિત્રો ગુજરાત સ્ટેટ હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ ડેવેલોપમેન્ટ કોર્પોરેશન (GSH&HDC), સેક્ટર-૧૩ની કમ્પાઉન્ડ વોલ ખાતે પેન્ટીંગ કરવામાં આવ્યા હતા.

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પ્રદુષણથી મુક્તિ, કુદરતી સંપદાને બચાવવા તથા સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં અંગે જાગૃતિ આપતા વિવિધ વિષયોને આવરી લઈને સ્પર્ધકો દ્વારા ભીત ચિત્રો દોરવામાં આવ્યા હતા. સી. એન. ફાઈન આર્ટ કોલેજ, અમદાવાદના ૩૬ જેટલા વિદ્યાર્થીઓએ સવારના ૯:૦૦ વાગ્યાથી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી ય્જીૐશ્ૐઙ્ઘઝની કમ્પાઉન્ડ વોલ પર સ્વચ્છતાના સંદેશો આપતા સુંદર ચિત્રો દોર્યા હતાં. આ માર્ગ પર આવતા જતા લોકો માટે આ ચિત્રો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કોવીડ-૧૯ના નિયમોનું સંપૂર્ણ પાલન કરીને સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારી, કર્મચારીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

CYMK




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ



N. O. G. SS NO 0026.
વિષય - નાતાલ
વિભાગ - પદ્ય ( મૌલિક રચના)

નાતાલ આવી ઊઠતાં, તરંગ જેવું લાગે.
હૈયે સહુને ઉભરી ઉમંગ જેવું લાગે!
ચહેરો હરએક ખુશ છે, માહોલ છે ખુશીનો,
રાજા બની ગયા છે સૌ કોઈ મલંગ લાગે!
શમણાં સહુના પૂરા, કરતો જ્યાં સાન્તા આવી,
જાણે લ્હેર બરફની પણ જલતરંગ લાગે!
મોજામાં ખુશી મૂકતો, સૌ બાળ થાય રાજી,
ઈચ્છાઓ થાય પૂરી, આનંદ જેવું લાગે!
મળતા પરિજનોને, આવીને ભેટ દેતાં,
સંબંધ એ સુખોની, કોઈ સુરંગ લાગે!
ઠંડી સખત પડે પણ, તહેવારની આ ગરમી,
ગયે ખુશહાલ ગીતો જો અંગેઅંગ લાગે!અંજના ગાંધી "મૌનુ", વડોદરા,(હાલ અમેરિકા)

અહીં અત્યારે એક ખૂબ જ સુંદર માહોલ છે. જે જોતા આ રચના લખી છે!

---

NOG SS No. --39
વિષય -- નાતાલ
પ્રકાર -- ગદ્ય -- લેખ
શીર્ષક -- હેપી ક્રિસમસ
શબ્દો --૩૪૧

પશ્ચિમ એશિયાના રોમન પ્રાંતમાં બેથલહેમ ખાતે પચીસ ડિસેમ્બરના રોજ માતા મેરી અને પિતા જોસેફનાં ત્યાં પશુ પંખીઓનાં કલરવ ભર્યા વાતાવરણ અને મધુર સંગીત વચ્ચે ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો હતો. એમની યાદમાં એમનાં અનુયાયીઓ પચીસ ડિસેમ્બરે ક્રિસમસનો પવિત્ર તહેવાર મનાવે છે.

નાતાલનાં દિવસો પ્રેમ અને આનંદ વહેંચવાનાં અને પામવાનાં દિવસો. દિવાળીની જેમ ક્રિસમસનો તહેવાર પણ ખૂબ ધામધૂમથી ઊજવવામાં આવે છે. આ ઉત્સવની તૈયારી ઘણાં દિવસો પહેલાંથી શરૂ કરવામાં આવે છે. આ તહેવારમાં ઘર, ચર્ચ, શેરી, બજાર વગેરેને ક્રિસમસ ટ્રી, રંગબેરંગી ફૂલો, રંગબેરંગી રોશની, મીણબત્તીઓથી શણગારવામાં આવે છે. ક્રિસમસ ટ્રીને ચોકલેટ, ફુગ્ગા અને રમકડાંથી સજાવવામાં આવે છે. મીણબત્તી એ જીવનમાં પ્રકાશ ફેલાવાનું અને પ્રગતિ સાધવાનું પ્રતિક છે. ક્રિસમસ ટ્રીનો આકાર નોર્વેમાં જોવા મળતાં 'સ્પ્રુસ' વૃક્ષ જેવો છે. શાંતાક્લોઝ બનીને જરૂરિયાત મંદોને મદદ કરીને ઉદાસ વ્યક્તિઓના ચહેરા ઉપર હાસ્ય લાવવાનું, ગિફ્ટ અને મીઠાઈ વહેંચવાનું અને મિત્રો તથા સગાવહાલાઓને ઘેર આમંત્રીને એમની સુંદર રીતે મહેમાનગતી કરવામાં આવે છે.બધાં એકબીજાંને શુભ નાતાલ અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. આ દિવસોમાં માતા મેરી અને ગૌશાળાનાં દ્રશ્યોની ઝાંખી કરાવવામાં આવે છે.

સંત ફ્રાન્સિસની દ્રષ્ટિએ નાતાલનો સંદેશ નીચે મુજબ છે.

૧)--- દુઃખોનું સ્વાગત કરો.
૨)-- મુશ્કેલીઓમાં સ્વસ્થ રહો.
૩)-- નાના નાના સુખનો સંતોષ માનો.
૪)-- આપણને સ્પેશિયલ બનાવવાની પ્રભુની ઈચ્છા પૂર્ણ થાય એવી પ્રાર્થના કરો.
૫)-- કોઈ પણ ભૂલની માફી માંગો અને માફી આપો.

આ તહેવાર દ્વારા લોકોનાં જીવનમાં એક નવી ઉર્જા ઉત્તપન્ન થાય છે અને સકારાત્મકતા આવે છે.

શાંતા ક્લોઝ માટે એક વાર્તા છે. લાકડાં કાપીને ગુજરાન ચલાવનાર કઠિયારાને ત્યાં એક રાત્રે એ સુવાની તૈયારી કરે છે ત્યારે બારણે ટકોરા પડે છે. કઠિયારો બારણું ખોલે છે તો એક ખૂબ દિવ્ય, તેજસ્વી અને ભવ્ય બાળક હાથમાં સ્પ્રુસ વૃક્ષની ડાળખી લઈને ઉભો છે. કઠિયારો એને અંદર લઈ જઈને એની પાસે હતું એ ભોજન અને ગરમ દૂધ આપીને પોતાની પથારીમાં સુવાડે છે. કઠિયારો સવારે જાગે છે ત્યારે મધુર સંગીત વાગતું હોય છે અને આખા ઘરમાં પ્રકાશ ફેલાયેલો હોય છે. બાળક સપ્રુસ વૃક્ષની એ ડાળખી આપીને હસતાં હસતાં જતો રહે છે. એ પછી એ કઠિયારો ખૂબ સુખ, સમૃદ્ધિ મેળવીને જીવનમાં ખૂબ આનંદ અને ઉલ્લાસ મેળવે છે.

એ બાળક એટલે ઇસુખ્રિસ્ત અને એ ડાળી એટલે ક્રિસમસ ટ્રીની ડાળખી.

પ્રફુલ્લા "પ્રસન્ના"

---

N. O. G. S. S. No o102.
વિષય.:- ક્રિસમસ.
પ્રકાર. :- ગદ્ય.
શીર્ષક.:- ક્રિસમસની ઉજવણી.

૨૫મી ડિસેમ્બર એટલે ભગવાન ઇસુનો જન્મ દિવસ. માતા મેરી અને પિતા જોસેફને ત્યાં બેથલેહેમમાં તેમનો જન્મ થયો હતો. તેને ગમાણમાં રાખવામાં આવ્યા હતા. વર્ષો સુધી તેઓએ ભગવાનની આરાધના કરી અને સાક્ષાત્કાર કર્યો.

દુનિયાના તમામ દેશોના લોકો તેમના જન્મદિવસને ક્રિસમસ અથવા નાતાલને નામે ઉજવે છે . આ દિવસે ચર્ચમાં પ્રાર્થના થાય છે ,ઘરે-ઘરે શોભા અને શણગાર કરવામાં આવે છે .ક્રિસમસ ટ્રીને શણગારવામાં આવે છે. તેના ઉપર લાલ ફૂલો, ફળો તેમજ ભેટ-સોગાદો બાંધવામાં આવે છે .તે દિવસે બધા લોકો એકબીજાને શુભેચ્છા પાઠવે છે.

પત્ર પાઠવે છે. એકબીજાને ભેટની લેતી દેતી કરે છે. ખાઈ પીને મજા કરે અને તે દિવસે આનંદનો દિવસ તરીકે તમામ લોકો ઊજવે છે.

ભગવાન ઈસુ ખ્રિસ્તને જીવનમાં ઘણા દુઃખોનો સામનો કરવો પડ્યો હતો. તેના દુશ્મનોએ સાથે મળી અને તેને શુડીએ લટકાવ્યા .ત્યારે પણ ભગવાન ઈસુએ તેઓના સૌ તરફ દયા રાખી અને જણાવ્યું કે તેઓ શું કરે છે તેઓને તેની ખબર નથી હું તેને માફ કરું છું.

પોતાના દેહનું બલિદાન આપી ભગવાન ઈસુ ખ્રિસ્ત જગતમાં નામાંકિત બન્યા. દિન દુખીયાઓની સેવા કરવી, પ્રેમ અને કરુણા રાખવી, માનવ જીવનના ઉત્કર્ષ માટે તમામ પ્રવૃત્તિ કરી પ્રાર્થના કરવી .ઈશ્વરનું નામ લેવું .તેમાં શ્રદ્ધા રાખવી વગેરે તેનો ઉપદેશ હતો. તેનો ઉપદેશ બાઇબલમાં સમાયેલો છે. અને જગતના તમામ લોકો આજે પણ તેનું પાલન કરે છે.

આજના દિવસે ભગવાન ઈસુ ખ્રિસ્તને યાદ કરીએ . પ્રાર્થના કરીએ. સર્વ જગતનું કલ્યાણ થાય. આ કોરોનામાંથી ભગવાન ઇશું આપણે મુક્તિ આપે. જગતના તમામ લોકો આનંદપૂર્વક જીવી શકે તે માટે તેઓ ના આશીર્વાદ આપણે મળે તેવી પ્રાર્થના.

રતીલાલ વાયડા. નવી મુંબઈ.

---

NOG SS NO. : 0034
વિષય : નાતાલ
શીર્ષક : શું એવું હવે ન થઈ શકે?

વસુધૈવમ્ કુટુંબકમ્ નો મહિમા કરતી આપણી ભારતભૂમિ એ સર્વધર્મ પ્રત્યે આદર અને સમભાવ દાખવતી ભૂમિ છે. તેથી જ કોઈપણ તહેવાર હોય તો બધાં ધર્મના લોકો ધામધૂમથી ઉજવે છે. તહેવારો દ્વારા સંસ્કૃતિ અને પરંપરાનો સ્ત્રોત અવિરત આગળ વધતો રહે છે.

એવો જ એક તહેવાર છે ક્રિસમસ. ખ્રિસ્તી ધર્મનો પવિત્ર તહેવાર, જે ઈસુ ખ્રિસ્તનાં જન્મદિનનાં સ્મરણાર્થે ઉજવાય છે. એ ઈસુએ પોતાનાં આદર્શ જીવન, વચન અને વર્તન દ્વારા આમ જનતાની સેવા કરીને પ્રેમ અને ક્ષમાનો મંત્ર આપ્યો. પોતાને શૂળીએ લટકાવનાર શત્રુઓને પણ ક્ષમા આપી. દિવાળીની જેમ જ સૌ ક્રિશ્ચિયન પોતાનાં ઘરોને રોશનીથી શણગારે છે. ચર્ચમાં જાય છે. એકબીજાને ગિફ્ટસ્ આપે છે અને ખૂબ જ એન્જોય કરે છે. આજે વાત કરવી છે, આજકાલ ખૂબ જ ફોરવર્ડ થતાં મેસેજની કે,"ક્રિસમસ ટ્રીને બદલે તુલસીની પૂજા કરવી જોઈએ. આપણી સંસ્કૃતિને બચાવવી જોઈએ." આપણે આપણાં ઘરોમાં દરરોજ તુલસીક્યારે દીવો કરીને જળ અર્પણ કરીએ છીએ. આપણે દેવદિવાળીએ તુલસીવિવાહ પણ કરીએ જ છીએ.આપણાં દેશમાં, આપણાં ધર્મમાં તુલસીજીનું જે સ્થાન છે એ કોઈ નહીં લઈ શકે. તુલસીજી હંમેશાં પવિત્ર જ રહેશે. તુલસીજીને આપણે માત્ર એક વનસ્પતિ તરીકે નહીં પરંતુ દેવી તરીકે પૂજીએ છીએ. આપણી સંસ્કૃતિ તો છોડમાં પણ રણછોડ જોવાવાળી છે. તો પછી મારો ધર્મ સારો અને સાચો એવું શા માટે? દરેક ધર્મનાં તહેવારો અલગ છે, સંસ્કૃતિ ભિન્ન છે. દરેક તહેવારની એક અલગ ગરિમા છે, મહિમા છે એનું માન સાચવવું જોઈએ.

કોઈપણ ધર્મગ્રંથોમાં પ્રેમનો, માનવતાનો જ શુભ સંદેશ હોય છે. ધર્મ માનવને અયોગ્ય રસ્તે જતાં અટકાવે છે અને સારાં કર્મો કરવાનો જ બોધ આપે છે. શ્રી ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને કર્મનો મહિમા ગાયો છે. પવિત્ર ગ્રંથ બાઈબલમાં જણાવ્યું છે કે," પવિત્ર ઈશ્વર પાપને ધિક્કારે છે પરંતુ પાપી ઉપર પ્રેમ કરે છે."

આ મારું, આ તારું એવાં વાડા તો આપણે મનુષ્યોએ જ નક્કી કરેલા છે. આપણે ચડસા-ચડસી અને ભેદભાવ કરવાનું કામ કર્યું છે. નાનાં હતાં ત્યારે સ્કૂલમાં દરેક તહેવારોનું સેલિબ્રેશન થતું અને બધાં સાથે હળીમળીને આનંદ કરતાં. શું એવું હવે ન થઈ શકે?

ડો. રેખા શાહ

---

NOG SS NO- 0088
વિષય શબ્દ- નાતાલ
પ્રકાર- પદ્ય
શીર્ષક- અનેરો જન્મદિન..

મેરી ક્રિસમસ.. મેરી ક્રિસમસ..
બોલતાં સહું ઝૂમે નાતાલે..
સંવેદનાની સુરાવલીમાં ..
પ્રાર્થે સૌ ઇસા મસીહાને આજે..
ક્રિસમસ-ટ્રી સુશોભીત થઈ
કહે સંદેશો પ્રકૃતિપ્રેમને કાજે..
સાન્ટા મધરાતે રેન્ડિયરના રથે..
બેસી આવે જિંગલ..બેલના નાદે..
સાન્ટા ક્લોઝ ઘર ઘર જઈ..
ગિફ્ટ દઈ પ્રેમ સદભાવનાને વહેંચે..
ઉજવે ઉમંગે જગત્યોહાર મળી સૌ સાથે..
તાલમાં તાલ મિલાવી સૌ ઝૂમે નાતાલે..
સમભાવ, સદભાવના વસે માનવ હૈયે
જન્મે ઈસુ મસીહા દરેક નાતાલે..
જન્મદિન છે આજ પ્રદીપભાઈનો અનેરો..
પુનિત દિને સૌ સુખદ આશિષ દે છે ઘણેરો..
જનફરિયાદના રહી તંત્રીશ્રી ક્રિસમસ-ટ્રી સમ શોભતા..
વિભિન્ન વિષયો દઈ લખવા..
કરે પ્રોત્સાહિત ને બિરદાવતા..
નવોદિતોના સાન્તાક્લોઝ બની..
દે ખુશી સાહિત્યપ્રકાશન કરી છાપતા.. ખૂબ ખૂબ શુભેચ્છા દે સાહિત્ય સરિતા,
ઉજવો સો સો નાતાલ ઝૂમી આનંદ ઉમંગે મલપતા..
આજે ૨૫મી ડિસેમ્બરને નાતાલના અનેરા દિવસે શ્રી પ્રદીપભાઈના જન્મદિવસના ખૂબ ખૂબ અભિનંદન સાથે ઘણી ઘણી શુભેચ્છાઓ..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

# સ્વર્ગસ્થ ભરતભાઈ કોઠારીની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથીએ શ્રદ્ધા સુમન અર્પણ કરાશે

## જીવદયા પ્રેમી ભરતભાઈ કોઠારી સહિત ત્રણ જીવદયા પ્રેમીઓના રાજસ્થાનના જાલોર નજીક માર્ગ અકસ્માતમાં અકાળે નિધન થયા હતા



ગત ૨૬ ડીસેમ્બર ૨૦૨૦ના ગોઝારા દિવસે ડીસા સહિત જિલ્લાના જાણીતા જીવદયા પ્રેમી ભરતભાઈ કોઠારી, વિમલભાઈ તેમજ રાકેશભાઈનું રાજસ્થાનના જાલોર નજીક સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં અકાળે નિધન થતાં બનાસ વાસીઓએ આઘાતનો આંચકો અનુભવ્યો હતો. જાંબાઝ અને બાહોશ જીવદયા પ્રેમી અને અબોલ જીવોના મસીહા ભરતભાઈ કોઠારીના અકાળે નિધનથી જૈન સમાજમાં જ નહીં પરંતુ તમામ સમાજને તેમની ખોટ પડી છે. બનાસકાંઠા સહિત ગુજરાત અને છેક રાજસ્થાનના કતલખાને ધકેલાતા અબોલ જીવોને જીવના જોખમે બચાવનાર ભરતભાઈ કોઠારી જીવદયા પ્રેમી તરીકેની ઉમદા ઓળખ ધરાવતા હતા. જેઓ મોતના મુખમાં ધકેલાતા અસંખ્ય જીવોને બચાવી સાચા અર્થમાં અબોલ જીવોના તારણહાર પુરવાર થયા હતા. રાજપુર અને કાંટ પાંજરાપોળમાં હજારો નહિ પણ લાખો જીવોને કાયદાના સહારે બચાવી જીવદયા ક્ષેત્રે ખડેપગે રહી અબોલ જીવોના જતન માટે સતત ઝઝૂમતા રહ્યા હતા. તેમના મોતથી ડીસા સહિતની પાંજરાપોળ અને ગૌશાળાઓના સંચાલકો અને જીવદયા પ્રેમીઓએ મજબૂત અને વિશ્વસનીય સાથી ગુમાવ્યો હોવાની લાગણી દર્શાવી હતી. આવતીકાલે જીવદયા પ્રેમી સ્વર્ગસ્થ ભરતભાઈ કોઠારી, વિમલભાઈ તેમજ રાકેશભાઈની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથી છે ત્યારે ડીસાના રાજપુર અને કાંટ પાંજરાપોળમાં તેઓને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવશે. તો બીજી તરફ સ્વર્ગસ્થ ભરતભાઈ કોઠારીના સ્મરણાજંલી રૂપે ૨૬ ડીસેમ્બરને જીવદયા દિવસ તરીકે મનાવવામાં આવે તેવી જીવદયા પ્રેમીઓની સરકાર સમક્ષ લાગણી છે.

**જીવલેણ હુમલા છતાં હિંમત ના હાર્યા**

જૈન પરિવારમાં જન્મેલા ભરતભાઈ કોઠારીએ યુવાની કાળથી જ અબોલ જીવોને જીવાડવાનો જીવનમંત્ર બનાવી લીધો હતો. કતલખાને જતા અબોલ જીવોને બચાવવાની કામગીરી દરમિયાન અનેક વખત તેમની ઉપર જીવલેણ હુમલા થયા અને ફરિયાદો પણ થઈ છતાં પણ હિંમત હાર્યા વિના નીડરતાથી તેનો સામનો કરી જીવદયાની અવિરત કામગીરી આજીવન ચાલુ રાખી હતી અને હજારો નહિ પણ લાખો અબોલ જીવોને અભયદાન આપી તેમના મૂંગા આશીર્વાદ મેળવ્યા હતા.

**જીવનના અંતિમ શ્વાસ સુધી જીવદયા**

સમગ્ર ગુજરાત અને રાજસ્થાનમાં અબોલ જીવોના રક્ષક એવા ભરતભાઈ કોઠારીએ તેમનું સંપૂર્ણ જીવન જીવદયા પાછળ ખર્ચી નાખ્યું હતું. દિવસ રાત અબોલ જીવોને જીવાડવાના એકમાત્ર લક્ષ્ય પાછળ આજીવન દોડતા રહ્યા. અબોલ જીવો પ્રત્યેની તેમની અનુકંપા અને લાગણી જીવનના અંતિમ સમય સુધી જોવા મળી. રાજસ્થાનના જાલોર નજીક શ્વાનને બચાવવાના પ્રયાસમાં તેમની ગાડી પલટી ખાઈ જતા તેમની અણધારી વસમી વિદાય થઈ હતી.

**અનેક એવોર્ડથી વિભૂષીત...**

માત્ર બે જીવોની કુરબાની અટકાવવા માટે જીવ સટોસટની બાજી ખેલીને શ્રી રાજપુર-ડીસા પાંજરાપોળના નામે વટવૃક્ષ સમી સંસ્થાનું નિર્માણ કરેલ તેમના જીવદયા લક્ષી કાર્યોથી પ્રભાવિત થઈને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાત સરકારે બહુમાન કરેલ તેમજ સુશ્રી રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ દ્વારા બહુમાન થયેલ તે સિવાય અનેક સંસ્થાઓ દ્વારા તેઓનું વારંવાર સન્માન થયેલ. આ સંસ્થા પર ૪૫૦ થી વધુ કેસો દ્વારા એક લાખથી વધુ જીવોને કતલખાને જતા બચાવેલ તેમજ કેટલાય ત્યજાયેલા બાળક અને બાળીકાઓને પણ યોગ્ય પરિવારને સોપીને ઉછેર કરાવેલ છે.

**જીવદયાનો જીવનમંત્ર...**

જીવદયાને જીવન મંત્ર તરીકે અપનાવનાર ભરતભાઈ કોઠારી રાત દિવસ જોયા વગર જીવદયાના કામમાં હરહંમેશ મોખરે રહેતા હતા. કતલખાને જતા પશુ જીવોને જીવના જોખમે બચાવવા સાથે જીવોના યોગ્ય નિભાવ માટે પણ સતત સંઘર્ષ કરતા રહી ઝઝૂમતા હતા.આમ જીવદયાનો પર્યાય બની ગયેલા ભરતભાઈ કોઠારીની નિર્ભયતા બદલ સરકાર અને સામાજિક તેમજ સેવાભાવી અનેક સંસ્થાઓએ જીવદયા ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાનની કદર કરી અદકેરૂ સન્માન સાથે એવોર્ડોથી પણ નવાજયા હતા.

**ટ્રેન દ્વારા કતલખાને જતા જીવો બચાવ્યા**

એક વખત ૧૫૦૦થી વધુ વાછરડા ભરીને ટ્રેન કતલખાને લઈ જવાતી હતી. ભરતભાઈ કોઠારીને તેની ખબર પડી તેમણે ટ્રેનને અમિરગઢથી રોકવાનો પ્રયત્ન કર્યો પરંતુ ટ્રેન ન રોકાઈ. ટ્રેન અમદાવાદ પહોચી અમદાવાદમાં જીવદયા કાર્યકરોએ ટ્રેન રોકવાનો પ્રયત્ન કર્યો તોય ન રોકાઈ એ ટ્રેન આણંદ પહોચી. ભરતભાઈ અને અનેક ગૌભકતો ત્યાં પહોચ્યા. કોર્ટમાં કેસ દાખલ કર્યો કે ટ્રેનમાં ગૌવંશ ભરવાની પરમીશન નથી. કોર્ટે તાત્કાલિક ચુકાદો આપ્યો. ટ્રેન ચેક કરાવી. તો માલુમ પડ્યું કે તેમાં ગેરકાનૂની રીતે વાછરડા ભરેલ હતા. એ ગૌધનનો કબજો રાજપુર ડીસા પાંજરાપોળને અપાયો. ૧૫૦૦ થી વધુ ગાયો ભરવા કેટલી ટ્રક જોઈએ ? કોર્ટે ચૂકાદો આપ્યો અને આ ટ્રેન પાછી પાલનપુર લઈ જવામાં આવે અને ટ્રેન પાલનપુર પહોચી અને બધાજ અબોલ જીવોને રાજપુર ડીસા પાંજરાપોળમાં સાચવવામાં આવ્યા. આમ ભરતભાઈ અબોલ જીવોની રક્ષા માટે ક્ષત્રિય જેવા શુરવીર હતા.આવા તો અબોલ જીવોને બચાવવાના રૂવાંડા ખડા કરતા બનાવો લોક જુબાને રમી રહ્યા છે.

# બગસરા ના પ્રતીક સખીયા એ PSI નુ રનિંગ પુણૅ કરી ગામનુ ગૌરવ વધાયૅ



અમરેલી જિલ્લાના બગસરા ના વતની હાલ સાવરકુંડલા પોલીસ મથક ખાતે લોકો રક્ષક દળ મા ફરજ બજાવતા પ્રતીક રાકેશભાઈ સખીયા એ તાજેતર મા જુનાગઢ ખાતે યોજાયેલી PSI ની ગ્રાઉન્ડ પરીક્ષા સફળતા પુવૅક ગ્રાઉન્ડ પાસ કરેલ છે

પ્રતીક સખીયા આવનાર સમય મા લેખીત પરિક્ષા પાસ કરીને PSI બની દેશ સેવા કરે અને બગસરા ગામ અને લેઉવા પટેલ સમાજ બગસરા નુ ગૌરવ વધારે તેવી લેઉવા પટેલ સમાજ ના પ્રમુખ રમેશભાઈ સુવાગીયા તેમજ સમસ્ત માંગરોળીયા પરીવાર ની શુભેચ્છા

# પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનું આયોગનાં પૂર્વ અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરીયાએ "કાઉ બેઝડ ગ્રીન ઈકોનોમી ઓફ ઈન્ડિયા" વિષે માર્ગદર્શન આપ્યું




ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની બીઝનેસ વુમન કમિટી દ્વારા "કાઉ બેઝડ ગ્રીન ઈકોનોમી ઓફ ઈન્ડિયા" વિષય પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો . આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ડો. વલ્લભભાઈ કથીરિયા, ભૂતપૂર્વ અધ્યક્ષ, રાષ્ટ્રીય કામધેનુ આયોગ, ભારત સરકાર અને ડૉ. ફાલ્ગુની એસ. ઠાકર, નિયામક, પશુપાલન, ગુજરાત દ્વારા હાજરી આપી હતી. ડૉ.વલ્લભભાઈ કથીરીયાએ જણાવ્યું હતું કે ગાયોના સંવર્ધનમાં ટેકનોલોજીના ઉપયોગ દ્વારા શ્રેષ્ઠ સાંઢો તૈયાર કરવા. સેકસ્ડ સીમેન ટેકનોલોજી વીકસાવવી, સીમેન લેબોરેટરી સ્થાપવા જેવા વિવિધ ઉદ્યોગોમાં સરકારની મદદથી મોડલ પર વ્યવસાય શરૂ કરવાની ઉત્તમ તકો છે.

ભારતીય દેશી ગાયોના છ-૨ દૂધ અને તેના વેલ્યુ એડીશન સાથે બટર, ઘી અને છાશ તેમજ મેડીસીનલ ઘી માટે ખૂબ જ આંતરરાષ્ટ્રીય બજાર ઊભુ થયું છે.

ગાયના ગૌમુત્ર અને ગોબરમાંથી ઓર્ગેનિક ફાર્મીંગ માટે બાયોપેસ્ટીસાઈડ અને બાયોફર્ટીલાઈઝર તેમજ અનેક પ્રકારની દવાઓ. વાતાવરણ શુધ્ધિ માટેના રિપેલન્ટ અને સેનીટાઈઝર્સ તથા અનેકવિધ ગ્રુહ ઉપયોગી ગોબર ઉત્પાદો દ્વારા મહિલા અને યુવાનો માટે રોજગાર સાથે એન્ટરપ્રિન્યોરશીપ ની તકો ઊભી થઇ છે. ગૃહ ઉદ્યોગ, મધ્યમ કક્ષાના અને વિશાળ પાયે ઉત્પાદન કરવાની ક્ષમતા વાળા પ્લાન્ટ માટે સરકારી વિવિધ યોજનાઓ અમલમાં છે. કાઉડંગ (ગોબર) માંથી ગોબર પેઈન્ટ,કલર, બ્રીક્સ, ટાઈલ્સ, પેપર અને સ્મશાન માટે લાકડાની અવેજીમાં ગોબર લકડી માટે વિશાળ માર્કેટ ઉપલબ્ધ કરાવી શકાય તેમ છે.

ગોબર ગૌમૂત્રમાંથી બાયોફ્યુલ જેવા કે બાયોગેસ, સી.એન.જી, ઍર ઉત્પાદન કરી ફેક્ટરીઓને સપ્લાય કરી શકાય. સરકારની બાયબેકની યોજના પણ અમલમાં છે. એ જ રીતે કાઉ હોસ્ટેલ, એન.જી.ઓ અથવા સરકારી ધોરણે મોટા પ્રમાણમાં શરૂ કરી ઘેર ઘેર ગાયના કન્સેપ્ટને વિસ્તારી પ્રોફેશનલ સર્વિસીઝ દ્વારા કમાણી કરી શકાય છે.

ગૌ આધારિત ઉદ્યોગો માટે મોટા પાયે જરૂરી મશીનરી મેન્યુફેક્ચરીંગ માટે ખૂબ જ તકો રહેલી છે. ડો. વલ્લભભાઇ કથીરિયાએ વધુમાં જણાવ્યું હતું કે ગૌશાળા - પાંજરાપોળ માં ઉપલબ્ધ ગૌ વંશના ગૌ મૂત્ર- ગોબર રો મટીરીયલ તરીકે સહેલાઈથી ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ ઉપરોક્ત ઉદ્યોગો માટે કરવાથી સ્વચ્છ ભારતના પ્રધાનમંત્રી ના વિઝન ને પુષ્ટિ મળશે.

ગૌશાળાઓ આત્મનિર્ભર બનશે, યુવા અને મહિલાઓને રોજગારી મળશે. ડિજિટલ માર્કેટિંગ અને આઉટલેટ દ્વારા માર્કેટિંગ ઉપલબ્ધ કરાવી. એક્સપોર્ટ - ઈમ્પોર્ટ કરી કમાણી કરી શકાય છે. આવા અનેકવિધ નવા નવા ઉદ્યોગો માટે વિશાળ તકો ગૌ આધારિત અર્થતંત્રને મજબૂત કરવામાં સહાનુભૂત થાય તેમ છે. સરકાર અને સમાજ સાથે જોડાઈને " ગૌ રક્ષા"ને વિસ્તૃત અર્થમાં સાકાર કરવા સાથે ભારત વર્ષને સમૃદ્ધ અને ધનવાન બનાવી શકાય તેમ છે. ગુજરાત સરકારના પશુપાલન વિભાગના નિયામક ડો. ફાલ્ગુની એસ. ઠાકરે, તેમના વક્તવ્યમાં રાજય સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. અને સરકાર ખેડૂત પરિવારોની આવક બમણી થાય તે માટે તત્પર છે. તેમ જણાવ્યું હતું. પ્રારંભમાં જીસીસીઆઈના પ્રમુખ શ્રી હેમંત શાહે તેમના વક્તવ્યમાં આદરણીય મહેમાનો અને શ્રોતાઓનું સ્વાગત કર્યું અને ભારત અને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ખેતી- પશુપાલક ઉદ્યોગનો વિકાસ થાય તેવી આશા રાખીએ છીએ, અને તેમાં ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરી આગળ વધી શકાય તે માટે રજૂઆત કટી હતી.

શ્રીમતી. કુસુમ કૌલ વ્યાસ, ચેરપર્સન, બિઝનેસ વુમન કમિટિ, તમામ સહભાગીઓને કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. સુશ્રી. રૂનલ પટેલ, કો-ચેરમેન, બિઝનેસ વુમન કમિટીએ આભારવિધિ કરીને કાર્યક્રમનું સમાપન કર્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે પ્રેસ અને મીડિયાના સભ્યો પણ હાજર રહ્યા હતા.

## શ્રી અટલ બિહારી બાજપાઈજીની જન્મજયંતી નિમિત્તે

# મહાનગર ભાજપા દ્વારા શ્રી કમલમ, સેક્ટર ૨૧ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી

### શ્રી અટલ બિહારી બાજપાઈજીની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં સુશાસન દિન નિમિત્તે ભાજપા દ્વારા મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં મેડિકલ કેમ્પ યોજાયા.

ગાંધીનગર મહાનગર ભાજપા મિડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ પૂર્વ પ્રધાનમંત્રી તેમજ ભારત રત્ન પરમ શ્રધ્યેય સ્વ.શ્રી અટલ બિહારી બાજપાઈજીની જન્મજયંતી નિમિત્તે મહાનગર ભાજપા દ્વારા શ્રી કમલમ, સેક્ટર ૨૧ ખાતે અટલજીની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મહાનગરના મેયરશ્રી હિતેશ મકવાણા, ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુશાસન દિનના ઉપલક્ષ્યમાં પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન મુજબ તેમજ મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટની આગેવાની હેઠળ તમામ ૧૧ વોર્ડમાં વિવિધ સ્થાનોએ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મેડિકલ કેમ્પના આયોજનમાં જરૂરી વ્યસ્થાઓ મહાનગર ભાજપા ડોકટર સેલ દ્વારા કરવામાં આવી હતી. સ્થાનિક રહીશોએ બહોળા પ્રમાણમાં આ કેમ્પનો લાભ લીધો હતો. મહાનગરના પ્રભારીશ્રી મોહનલાલ પટેલે વોર્ડ નં. ૧૧ ખાતે મેડિકલ કેમ્પમાં હાજરી આપી હતી. મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ વોર્ડ નં-૦૭ ખાતે, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પેથાપુર ખાતે આયોજિત મેડિકલ કેમ્પમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, કાર્યકર્તાઓ સંબંધિત વોર્ડના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ જિલ્લામા 'સુશાસન દિવસ'ની ઉજવણી સાથે 'સુશાસન સપ્તાહ' નો પ્રારંભ કરાવતા મહાનુભાવો



આહવા તાઃ ૨૫

'ભારત રત્ન' એવા ભૂતુપૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી અટલજીના દેશહિતના સંઘર્ષની ગાથા વર્ણવતા વલસાડ-ડાંગના સાંસદશ્રી ડૉ.કે.સી.પટેલે શ્રી અટલજીએ સૌને સાથે રાખીને દેશને સુશાસન આપ્યુ હતુ તેમ જણાવ્યુ હતુ.

આહવાના ડાંગ દરબાર હોલ ખાતે યોજાયેલા 'સુશાસન સપ્તાહ' ઉદઘાટન કાર્યક્રમમા અધ્યક્ષ સ્થાનેથી બોલતા સાંસદશ્રીએ 'પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના' જેવી અનેક હિતલક્ષી યોજનાઓની દેશને અટલજીએ ભેટ આપી છે તેમ જણાવ્યુ હતુ.

કવિહૃદય અને સંવેદનશીલ ગુણોના ધણી એવા અટલજીના બતાવેલા માર્ગે ચાલવાની સૌને અપીલ કરતા, સાંસદશ્રીએ સૌને 'સુશાસન સપ્તાહ' ના કાર્યક્રમમા સહયોગી થવાની હિમાયત કરી હતી.

ભારતના ભુતપૂર્વ વડાપ્રધાન અને તત્કાલિન સફળ સુકાની શ્રી અટલજીના સુશાસનની જાણકારી આપતા ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે 'સુશાસન' ની શરૂઆત કરનારા દેશના સફળ સુકાનીના કાર્યો, અને જીવનમાથી પ્રેરણા લઈને સૌને સમૃદ્ધ ભારતનુ ભાવિ ઘડવાની અપીલ કરી હતી.

'ભારત રત્ન' એવા ભુતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલજીના જીવન કાળની ઝાંખી કરાવતા ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે સંવેદનશીલ હૃદયના અટલજીએ, દેશહિતના દ્રઢ અને મક્કમ નિર્ણયો લીધા છે તેમ જણાવ્યુ હતુ. સુશાસનની આદર્શ પરિભાષા દેશને અટલજીએ આપી છે, તેમ જણાવતા ધારાસભ્યશ્રીએ અટલજીના યોગદાનની ગાથા વર્ણવી હતી.

ઉલ્લેખનિય છે કે, ભારતના ભુતપૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ.શ્રી અટલબિહારી વાજપેયીજીના જન્મદિને દેશભરમા 'ગુડ ગવર્નન્સ ડે' ઉજવવામા આવે છે.

આ વખતે રાજ્ય સમસ્તની જેમ ડાંગ જિલ્લામા પણ 'સુશાસન દિવસ'ની ઉજવણીની સાથે 'સુશાસન સપ્તાહ'નુ આયોજન કરીને સરકારી વહીવટી તંત્રમા આદર્શ કાર્યપ્રણાલી વિકસાવવા સાથે રાજ્યમા આજે નવા જનસંપર્ક એકમ સ્વાગત કક્ષનો શુભારંભ કરવા સાથે, Iજફ્રાફ્રિ પોર્ટલનો શુભારંભ, સોગંદનામા સંબંધી નવી નીતિની જાહેરાત, અને બેસ્ટ પ્રેક્ટિસીસ કંપેડિયમનુ વિમોચન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતે કરાયુ હતુ. આ સમગ્ર કાર્યક્રમનુ છેક છેવાડે આવેલા ડાંગના પ્રજાજનોએ પણ જીવંત પ્રસારણ નિહાળીને તેમા સહભાગી થયા હતા.

દરમિયાન તા.૨૫/૧૨/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ દરમિયાન રાજ્ય સરકારના વિવિધ વિભાગોના શ્રેણીબદ્ધ કાર્યક્રમોના સથવારે 'સુશાસન સપ્તાહ'ની ઉજવણી કરીને છેવાડાના લોકો સુધી સુશાસન થકી વિકાસના લાભો પહોંચાડવાનો આયામ હાથ ધરવામા આવી રહ્યો છે.

આહવાના ડાંગ દરબાર હોલ ખાતે 'સુશાસન સપ્તાહ' ના શુભારંભ કાર્યક્રમમા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી નીલમ પટેલ, આહવાના સરપંચ શ્રી હરિચંદ ભોયે, સામાજિક કાર્યકરો, પદાધિકારીઓ, કર્મઠ કર્મયોગીઓ સહિત ડાંગ કલેક્ટર શ્રી ભાવિન પંડયા, નિવાસી અધિક કલેક્ટર શ્રી પદ્મરાજ ગાવિત, પ્રયોજના વહીવટદાર શ્રી કે.જે.ભગોરા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી, આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી શ્રી આર.બી.ચૌધરી સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા નિભાવી હતી.

કાર્યક્રમ દરમિયાન શાબ્દિક સ્વાગત કરતા પ્રાંત અધિકારી સુશ્રી કાજલ ગામીતે 'સુશાસન સપ્તાહ' ઉજવણીના કાર્યક્રમોની ઝાંખી રજૂ કરી હતી. અંતે આભારવિધિ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મણિલાલ ભૂસારાએ આરોપી હતી. ઉદ્દબોધક તરીકે શ્રીમતી બીજુબાલા પટેલે સેવા આપી હતી.

નરેન્દ્ર પવાર

## ચૂંટણી નજીક આવતા હવે જિલ્લાને ICU ઑન વ્હીલની ગ્રાન્ટ આપી..!!

# અરવલ્લી : કોરોના કાળમાં થાકી ગયા પણ ICU ઑન વ્હીલ ના આપી



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લામાં કૉરોના કાળમાં જે-તે સમયે આરોગ્યલક્ષી સુવિધાઓનો અભાવ જોવા મળતો હતો, સિવિલનો અભાવ હોવાથી અનેક લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો હતો પણ જે-તે સમયે એકેય નેતા ફરક્યા નહોતા. સિવિલની તાતી જરૂરિયા હતી પણ એ સમયે ICU ઑન વ્હીલની માંગ પણ ઉઠવા લાગી હતી. જુલાઇ ૨૦૨૦માં આ અંગે સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા કે અરવલ્લી જિલ્લાની બદનસીબી જુઓ સિવિલ તો છોડો ICU ઑન વ્હીલ એમ્બ્યૂલન્સ પણ નથી. પણ આ અંગે તંત્ર કે નેતાઓને આમાં જરાય રસ નહોતો જેથી અનેક લોકોએ કૉરોનામાં આરોગ્ય સુવિધાઓના અભાવ વચ્ચે જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. પણ હવે અરવલ્લી જિલ્લા સાંસદ દીપસિંહ રાઠોડે ICU ઑન વ્હીલ એમ્બ્યૂલન્સ માટે ગ્રાન્ટની ફાળવણી કરી છે. કોરોના સંક્રમણમાં એમ્બ્યુલન્સ ઓન વહીલ્સ આપી હોત તો અનેકના જીવ બચી ગયા હોત અને નેતાઓને પણ આશીર્વાદ મળતા તેવી ચર્ચાએ જોર પકડ્યું છે

સંસદસભ્ય દિપસિંહ રાઠોડે અરવલ્લી જિલ્લા માટે આઇસીયુ ઓન વ્હીલ માટે ૨૪ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી કરતા હવે આરોગ્યલક્ષી સેવા આપવાની આશામાં પ્રાણ પુરાયા છે. આ અંગે વધુ માહિતી આપતા અરવલ્લી જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી એ જણાવ્યું હતું કે, અરવલ્લી જીલ્લાની જનતા માટે સંસદસભ્ય દીપસિંહ રાઠોડે કટોકટી ની પરિસ્થિતિ માં મૂકાયેલાં દર્દીને નવજીવન મળે તે માટે આરોગ્યને છેલ્લામાં છેલ્લી સુવિધા સાથે આઇસીયુ ઓન વ્હીલ માટે ચોવીસ લાખની ગ્રાન્ટ ફાળવી છે. આ માટેની વહીવટી મંજૂરી જિલ્લા કલેકટર નરેન્દ્રકુમાર મીના દ્વારા અપાઈ ચૂકી છે. આઇસીયુ ઓન વ્હીલ નું સંચાલન સાર્વજનિક હૉસ્પિટલ મોડાસા કરશે. દર્દીને ઘરેથી લાવવા અને જરૂરિયાત મુજબ અમદાવાદ ખાતે લઇ જવા માટે આઇસીયુ ઓન વ્હીલ ખુબ જ ઉપયોગી સાબિત થઇ શકશે.

શું છે આઈસીયુ ઓન વ્હીલ ...કઈ રીતે ગંભીર દર્દીઓ માટે આશીર્વાદ રૂપ છે

આઈસીયુ ઓન વ્હીલ એક એવી વ્યવસ્થા છે કે, ઈમર્જન્સીમાં દર્દીઓન બીજી જગ્યાએ રીફર કરવામાં કોઈ જ અગવડ ન પડે અને વેન્ટિલેટર તેમજ ઓક્સિજન સહિતની સુવિધા આઈસીયુ ઓન વ્હીલમાં મળી શકે, સામાન્ય રીતે આઈસીયુ ઓન વ્હીલમાં વેન્ટિલેટર, મોનિટર, એ.સી., ઈન્ફ્યુઝન પંપ, ઓક્સિઝન, ઈમર્જન્સી દવાની કીટ, ડોક્ટર અને નર્સિંગ સ્ટાફ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ હોય છે.

## આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત

# જન-જન સુધી રાષ્ટ્રભાવનાની ચેતનાને વધુ બળવત્તર બનાવવા રાજયભરમા ૭૫ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

### સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથો-સાથ સ્થાનિક કલાકારો, સ્થાનિક કલા,સ્થાનિક વાનગીઓ તથા ખાદી વગેરેને પણ પ્રોત્સાહન અપાશે

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની આઝાદીના ૭૫ માં વર્ષ નિમિત્તે ૭૫ સપ્તાહની દેશવ્યાપી ઉજવણી અંતર્ગત 'આઝાદી કા અમૃત મહોત્સવ' નો પ્રારંભ ૧૨મી માર્ચ-૨૦૨૧થી પ્રારંભ કરાવ્યો છે. જેના ભાગરૂપે ગુજરાતમા પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં જન-જન સુધી રાષ્ટ્રભાવનાની ચેતનાને વધુ બળવત્તર બનાવવા ૭૫ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયુ છે એમ રમત ગમત અને યુવા સાસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની યાદીમા જણાવાયુ છે.

રાજયસરકાર દ્વારા રાજયના તમામ ૩૩ જિલ્લાઓમાં જન-જન સુધી રાષ્ટ્રભાવનાની ચેતના જાગૃત થાય તે પ્રકારે આ ઉજવણીનું ભવ્ય આયોજન કર્યુ છે. જે અંતર્ગત રાજયમાં રાજયકક્ષાના ૧૫, જિલ્લાકક્ષાના ૨૦ અને તાલુકાકક્ષાના ૪૦ મળીને કુલ ૭૫ સ્થળોએ ૭૫ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે.આ તમામ કાર્યક્રમો ૨ થી ૩ કલાકની અવધિના રહેશે. દરેક કાર્યક્રમમાં સ્થાનિક કલાકારો/સેલેબ્રિટી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. ઉપરાંત, આઝાદીની ગાથા અને સ્વર્ણિમ ગુજરાત અંગેનો મલ્ટીમિડીયા શૉ રજૂ કરવામાં આવશે. લોકપ્રિય વકતાઓ, જાણીતા સ્ત્રી-પુરુષ કલાકારો અને યુવા પ્રતિભાશાળી કલાકારોને પણ આમંત્રણ આપવામાં આવશે.

સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથો-સાથ સ્થાનિક કલાકારો, સ્થાનિક કલા, સ્થાનિક વાનગીઓ તથા ખાદી વગેરેને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. જિલ્લા વહીવટીતંત્ર, નગરપાલિકા/મહાનગરપાલિકા, માર્ગ અને મકાન વિભાગ, પ્રવાસન વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ અને માહિતી વિભાગ દ્વારા સંકલનમાં રહીને આ કાર્યક્રમોનું આયોજન કરાશે.

આ ઉજવણીના ભાગરૂપે ભારતની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રગતિના વિવિધ પાસાઓ ઉજાગર થાય તે પ્રકારના કાર્યક્રમો સમગ્ર દેશમાં યોજાઇ રહ્યા છે.નવી પેઢી સ્વતંત્રતા સંગ્રામના અનેક નામી-અનામી નાયકોના જીવનથી અને તેમણે કરેલા સંઘર્ષથી પરિચિત થાય તેમજ દેશની આઝાદી કેટલી મહામૂલી છે તે અંગેની જાગૃતિ કેળવાય તે પ્રકારના કાર્યક્રમોનું આયોજન પણ થઈ રહ્યું છે.આ ઉજવણીની પૂર્ણાહુતિ આગામી તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ થશે.

-દિલીપ ગજ્જર

# સૂર્યનગર પ્રાથમિક શાળાના ૨૫૦ વિદ્યાર્થીઓ ને સ્વેટર વિતરણ કરાયું



દાતા શ્રી શંકરભાઈ વી પટેલ અયોધ્યાનગર સોસાયટી ના સહયોગ થી સૂર્યનગર પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ ના તમામ ૨૫૦ વિદ્યાર્થીઓને રૂપિયા ૫૩૦૦૦ ના ખર્ચ થી સારી કવોલોટી ના સ્વેટર નંગ ૨૫૦ વિતરણ કરવામાં આવેલ,સદર. પ્રોજેક્ટ ના માર્ગદર્શક શ્રી હિતેશભાઈ ઠક્કર એડવોકેટ હતા.


જેઓ એ સ્કૂલ ના બાળકોને શિયાળાની ઋતુમાં સ્વેટર આપવા જોઈએ તેમ જાયન્ટ્સ પાટણ ને જણાવેલ ,હિતેશભાઈ અને દાતા શ્રી શંકર ભાઈ પટેલ નો જાયન્ટ્સ પાટણ પરિવાર ખુબ ખુબ આભાર માનેલ.

સદર પ્રોજેક્ટમાં દાતા શ્રી શંકરભાઈ વી પટેલ,નગર સંઘ ચાલક શ્રી નિરંજનભાઈ પટેલ, પ્રોજેક્ટ ચેરમેન શ્રી હિતેશભાઈ ઠક્કર ,અને અન્ય ઘણા લોકો એ હાજરી આપેલ,

જાયન્ટ્સ પાટણ પ્રમુખ શ્રી નટવરભાઈ વી દરજી ,મંત્રી શ્રી પ્રહલાદભાઈ પટેલ ,સ્કૂલ પ્રિન્સિપાલ અનિતાબેન ,મિત્ર મેહુલભાઈ અને સ્ટાફગણ કાર્યકમ માં હાજરી આપીને સેવા નો લાભ લીધેલ, સદર સ્કૂલ ના નાના નાના ભૂલકાંઓ સ્વેટર પહેરીને ખુબ આનંદિત બનેલ,વાલીગણ, ગામના આગેવાનો અને સ્કૂલ સ્ટાફ ગણે જાયન્ટ્સ પાટણ ની અને દાતા ની સેવાને બિરદાવેલ

## થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર

# અરવલ્લી-સાબરકાંઠાની રાજસ્થાન રાજ્યને જોડતી આંતરરાજ્ય સરહદો પર પ્રોહિબિશન રાઉન્ડ ધી ક્લોક ચેકીંગ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને આવેલ આંતરરાજ્ય સરહદો પર બંને જીલ્લાની પોલીસે સઘન ચેકીગ હાથધરવામાં આવ્યું છે ૩૧ ફર્સ્ટ ડિસેમ્બરમાં દારૂની રેલમછેલ અટકાવવા પોલીસતંત્રએ જીલ્લાના મુખ્યમાર્ગોઅને અંતરિયાળ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ હાથધર્યું છે પોલીસે આંતરાજ્ય સરહદો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે છેલ્લા કેટલાક વર્ષોથી બુટલેગરો પણ પોલીસતંત્રની ડિસેમ્બર મહિનાના અંતિમ દિવસોમાં સઘન ચેકીગ કરતા હોવાના પગલે નવેમ્બર અને ડિસેમ્બર મહિનાના ૨૦ દિવસના સમય દરમિયાન નાના-મોટા વાહનો મારફતે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગુજરાતમાં ઠાલવી દેતા હોવાથી પ્યાસીઓની પ્યાસ બુઝાઈ જતી હોય છે.ગુજરાત-રાજસ્થાનની અરવલ્લી જીલ્લાની રતનપુર બોર્ડરથી માંડી જિલ્લાને સ્પર્શતી અન્ય બોર્ડરો અને સાબરકાંઠા જીલ્લાની રાણી અને ખેરોજ બોર્ડર થી લઇ અન્ય આંતરરાજ્ય સરહદો પરથી નશીલા પદાર્થો ઘૂસાડવાના રેકેટ ઉપર રોક લગાવવા પોલીસ બાજ નજર રાખી રહી છે. અને હાલ જિલ્લા પોલીસવડાના આદેશથી વાહન ચેકીગ હાથ ધરાયું છે. નવાવર્ષની ઉજવણીને લઈ બુટલેગરો સક્રિય બનશે ત્યારે તેઓની પ્રવૃત્તિઓ ઉપર રોક લગાવવા બોર્ડર વિસ્તારોમાં રાઉન્ડ ધ કર્લાક પેટ્રોલીગ હાથ ધરવામાં આવનાર છે.અને ઉજવણીમાં જોડાઈ કોવીડ-૧૯ તકેદારીઓનો ભંગ કરનાર તત્વો સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોવાનું પોલીસ વિભાગના સૂત્રો દ્વારા જણાવ્યું હતું.


## ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે

# ચાણસ્મા તાલુકા ભાજપ દ્વારા બે દિવસીય પ્રશિક્ષણ ચિંતન શિબિરનો પ્રારંભ થયો

૨૦૨૨ માં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે રાજકીય પક્ષો દ્વારા સંગઠન મજબૂત બની તે દિશામાં અવનવા કાર્યક્રમો થકી મતદારો સુધી પહોંચવા માટે વિવિધ પક્ષોના કાર્યકરો અને પદાધિકારીઓ દ્વારા કામગીરી હાથ ધરાઇ છે ત્યારે ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે ચાણસ્મા તાલુકા ભાજપ દ્વારા ભાજપ મંડળ મંડળના બે દિવસીય પ્રશિક્ષણ વર્ગનું પૂર્વ કેબિનેટ મંત્રી દિલીપભાઈ ઠાકોર ની ઉપસ્થિતિમાં શુભારંભ થયો હતો જેમાં તેમણે આગામી આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ શાસિત ભારત સરકાર દ્વારા અને ગુજરાત સરકાર દ્વારા જે જે વિકાસના કામો થયા તેને લોકો સુધી કેવી રીતે પહોંચતા કરવા તેના પૂર્વ આયોજન માટે ચિંતન કરવું એકબીજા કાર્યકરોએ તાલમેલ સાથે પક્ષ મજબૂત બની સંગઠીત બને તેવી ભાવના સાથે ખભે ખભો મિલાવીને કામ કરવું તેમ જણાવી ઉપસ્થિત ચાણસ્મા તાલુકા ભાજપના વિવિધ મંડલો ના પદાધિકારીઓની કાર્યકરોને સંબોધન કર્યું હતું આ પ્રસંગે ચાણસ્મા તાલુકા ભાજપના પ્રમુખ ઉપેન્દ્રભાઈ પટેલ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ નટુભાઇ પટેલ ચાણસ્મા શહેર ભાજપના પ્રમુખ રાજુભાઇ પટેલ બક્ષીપંચ મોરચાના અગ્રણી વિક્રમ ષ્ઠ ઠાકોર અનુસૂચિત જાતિ જિલ્લા મોરચાના દિનેશ કુમાર પરમાર મહિલા અગ્રણી આશાબેન દિનેશભાઈ પટેલ ચાણસ્મા તાલુકા ભાજપના મહામંત્રી કિરણભાઈ જાની મહેશભાઈ ચૌધરી ચાણસ્મા તાલુકા અને શહેર ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા તસવીર નિખિલ જોશી ચાણસ્મા

## FIR રદ કરવા પીડીતાએ હાઈકોર્ટમાં મહિલાએ નિવેદન

# અરવલ્લી : SDM મયંક પટેલ અશ્લીલ ફોટા TDO ને મોકલવા કેસમાં વળાંક



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લામાં ડેપ્યુટી કલેકટરે મહિલા ટીડીઓને મેસેજ અને ફોટા મોકલવા બાબતે થયેલ ફરિયાદ મામલે મહત્વનો વણાંક આવ્યો છે ગુજરાત નામદાર હાઈ કોર્ટમાં મહિલા અધિકારીએ રૂબરૂ હજાર રહીને ડેપ્યુટી કલેકટર અને તેમની વચ્ચે સમાધાન થઈ ગયું હોવાનું નિવેદન આપી ને ડેપ્યુટી કલેકટર સામેની ફરિયાદો રદ કરવા અરજી કરી છ.પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત હાઈ કોર્ટમાં પ્રત્યક્ષ રીતે હજાર થયેલી આ મહિલા અધિકારીએ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે ફરિયાદી અને આરોપી ડેપ્યુટી કલેકટર બંનેના ભવિષ્યને જોતા આ બાબતે આગળ કોઈ કાર્યવાહી કરવા નથી માંગતા જેથી કરીને ફરિયાદ રદ કરવામાં આવે આ બાબતે કોર્ટે મહિલા અધિકારીને એ પણ ટકોર કરી હતી કે તેઓ સમજદાર અને શિક્ષિત છે તેમ છતાં આ તબક્કે તેમને સમાધાન કરવાનું યાદ આવ્યું કારણે તેઓ મેજિસ્ટ્રેટ સમક્ષ કલમ ૧૬૪ અંતર્ગત નિવેદન નોંધાવી ચુક્યા છે જેથી મહિલા અધિકારીએ બંધ કવરમાં પોતાનું કોર્ટ સમક્ષ નિવેદન સોંપ્યું છે આ નિવેદન ને વેરીફાય કર્યા બાદ આ અંગે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે ડે. કલેકટર મયંક પટેલ સામે ડીસીબી ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકે આઇટી એકટ ના ગુના હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.